Since 1925...

જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

# ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા

C.D.O. PRAKASH SAMIKSHA

Visit us at www.prakashsamiksha.com
E-mail : kdo_prakash@yahoo.co.in



RNI રજી. બાદ વર્ષ : ૧૫ • અંક : ૧૪ • તા. ૩૧ માર્ચથી ૬ એપ્રીલ ૨૦૧૨ • વાર્ષિક લવાજમ ₹ ૫૦

તંત્રી : રાયચંદ નાગડા • સહતંત્રી : ચંપક જીવાણી | Regn.No.MH/MR/East/53/2012-14

## સમસ્ત જ્ઞાતિ મહાજન દ્વારા જનસંપર્ક અભિયાન હેઠળ જામનગર અને અમદાવાદ બેઠકની ઝલક








## પૂ. મુનિશ્રી દેવરત્નસાગરજી મ.સા.આ.ઠા.નું ગદગ સંઘમાં શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલયે શાનદાર સ્વાગત


પૂ.મુનિ દેવરત્નસાગરજી મ.સા.આ.ઠા.નું ભવ્ય પ્રવેશ


પુજ્યશ્રીના સામૈયામાં સહભાગી શ્રાવક/શ્રાવિકાઓ


જલકલશ સાથે સામૈયું કરતી બાળાઓ અને બહેનો


સંઘ ચૈત્યવંદન માટે પ્રવેશતા પુજ્યો


ગદગ મહાજન દ્વારા સૌને આવકાર


નવકારશીના લાભાર્થી શ્રીમતી ભાવના પંકજ ગાલાનું સન્માન


હુબલી સંઘના પ્રતિનિધી શ્રી પ્રજેશ નાગડાનું સન્માન


બાગલકોટ સંઘના શ્રી પદમશીભાઈનું સન્માન


કોપલ સંઘના શ્રી રમેશભાઈ અને વસંતભાઈનું સન્માન

# પ્રથમ સ્મૃતિદિન નિમિત્તે



જન્મ
તા. ૨૯-૧-૧૯૨૯

અરિહંતશરણ
તા. ૩૦-૩-૨૦૧૧

## સ્વ. ગોવિંદજી દામજી રતનશી ધરમશી (કચ્છ-છાદુરા) મસુર

**અમારા જીવનબાગમાં પુષ્પોનો પમરાટ ફેલાવી, સફળતાથી જીવનમૂલ્યોની સમૃદ્ધી અપાવી, સકલ જીવરાશી પ્રત્યેની ઉત્તમ કરૂણા ભાવનાથી તેમજ દેવ ગુરૂ અને ધર્મની નિષ્કામ ભક્તિથી, સદાય પરમ પૂજ્ય સાધુ સાધ્વીજી ભગવંતોની ઉછળતા ભાવે ઉત્કૃષ્ટ ભક્તિ કરનાર અને સૌમ્ય હસતા વદને સહુને સદા હાર્દિક આવકાર આપનાર, મંત્ર શિરોમણી શ્રી નવકાર મહામંત્ર જેમની રગેરગમા સાધના અને આરાધનાની સરગમમાં એકરૂપ થઈ ગયેલ હતો, એવા આપના પુનીત આત્માને શાસન દેવ શીઘ્રાતીશીઘ્ર પંચમ ગતિની પ્રાપ્તિ કરાવે એજ એકની એક નતમસ્તકે આદરાંજલી.**

### આપને હરપલ યાદ કરતા સ્વજનો....

પત્ની : ગં.સ્વ. ખેતબાઈ ગોવિંદજી દામજી ધરમશી (મસુર)
ભાઈ : સૌ. દમયંતી લક્ષ્મીચંદ દામજી ધરમશી (સાંગલી)
બેન-બનેવી : સ્વ. તરલાબેન રતનશી જેઠાભાઈ ખોના પરિવાર સાંગલી
સ્વ. અ.સૌ. ડેકાબાઈ પાસવીર ખિવરાજ લોડાયા (ભાટે) પરિવાર અહમદનગર
સાસુ-સસરા : માતુશ્રી સ્વ. કુંવરબાઈ ચત્રભોજ ભિંયસી ડાઘા પરિવાર (વરાડીયા-કચ્છ)
પુત્રી-જમાઈ : સૌ. જયવંતી ભરત માણેકજી મોમાયા (સાંગલી)
પુત્ર-પુત્રવધુ : સૌ. વાસંતી ખિરીશ ધરમશી, સૌ. ગીતા મહેન્દ્ર ધરમશી, સૌ. ભારતી કિરીટ ધરમશી
મંગલકુમાર અને ભરતકુમાર પાસવીર લોડાયા (ભાટે) પરિવાર પુણે
પૌત્રી-પૌત્ર : સ્નેહા, ઉર્વી, ભક્તિ, ડાયના અને જય
દોહીત્રી-દોહીત્ર : સૌ. જસ્મીતા ચિંતન દંડ (ઘાટકોપર), સૌ. નમિતા જીગર છેડા (સુરત)
સૌ. ડિમ્પલ પારસ ભરત મોમાયા (સાંગલી)

# પ્રભુ મહાવીરનાં સાચા વારસ બનીએ...

ચૈત્ર સુદ-૧૩ના વિશ્વની ઉધ્ધારક શક્તિનો જન્મ થયો. આજે એ ૨૬૧૧મો દિન આપણે ઉજવી રહ્યા છીએ એ વર્ધમાનકુમાર સ્વને જીતી સમ્યક માર્ગે સંયમ પાળી શાશ્વતા-સાત્વીક ધર્મને પાળતાં સૃષ્ટિના તમામ અરીઓ પર વિજય મેળવી “મહાવીર” બન્યા. એમનું જીવન જગતને સદાકાળ શાશ્વત શીખ આપતું રહે તેવું પ્રેરક રહ્યું. એમણે વિશ્વને અહિંસા, ક્ષમા અને સત્કર્મ જેવા અણમોલ સત્વો આપ્યા. જે આજે પણ ડગલે અને પગલે ઉદ્‌ભવતા સર્વે પ્રશ્નો/મુશ્કેલીઓનો ખરો ઉકેલ બની રહ્યા છે. આજની દરેક વિટંબણાઓ-આતંકવાદ આદિ પ્રશ્નોના જવાબરૂપ એમનું જીવન અનેકાનેક સદ્‌ગુણો અને પ્રેરણાંઓથી વિશ્વને અજવાળી હ્યું છે. પથદર્શક બની રહ્યું છે.

એમણે આપણી સમક્ષ મુકેલું ઉદાહરણરૂપ જીવન જો સતત વાંચતા રહીએ કે તેમના જીવન મહાસાગરના બિંદુસમ પણ પામીએ તો બેડો પાર થઈ જાય તેવી અણમોલ ભેટ આપણને વારસામાં મળી છે. એવા અનંત ઉપકારી દેવને જીવનના દરેક શ્વાસે શ્વાસે ભાવે કરીએ વંદન.

એમણે પ્રસ્તુત કરેલ “ક્ષમા” એ જીવનની જબરી જડીબુટ્ટી છે. અમોઘ શસ્ત્ર છે. અણમોલ આભુષણ છે. જગતની તમામ શક્તિોને જીતવાનો મંત્ર છે. સમતાથી શાતા મળે. ભુલી જઈએ ને માફ કરી દઈએ તો કોઈ પ્રશ્ન ઉભો ન થાય.

એમણે પ્રેરેલો કર્મવાદ ભૌતિક-અધ્યાત્મિક જીવનનું સત્ય કથન છે. એમનું જીવન કર્મવાદનું ઉદાહરણરૂપ છે. એમણે જાણતે-અજાણતે બાંધેલા કર્મો એમને પણ અનેક ઉપસર્ગોરૂપે ભોગવવા પડ્યા એ કથાનક આપણાં સૌ માટે દષ્ટાંતરૂપ છે. જે સતત ચેતતા રહે છે. “જેવું કરો-તેવું ભરો”. નવી કોઈ વાત નથી. સારું કરેલું ક્યાંક પણ સત્કર્મ ફળરૂપે ઉદયમાં આવે જ છે અને કરેલી બુરાઈ ક્યાંક પણ નડે છે એ નગદ વાત માણસને સાવધ રહેવા પ્રેરતી રહે છે. એ વિતરાગ બની સર્વ બાબતોને જાણી-સમજી-પચાવી આચાર માં ઉતારી તેમાંથી સાત્વીક સાર ગ્રહણ કરી શાશ્વત તત્વને પકડી લઈ “સર્વજ્ઞ” બન્યા. એ જીવમાંથી શિવ થયા તે સફર આપણને બધું જ પ્રેરતી રહી છે. આપણી દરેક મુશ્કેલીઓનો મુક ઉત્તર આપતી જ રહી છે તેમ છતાં હજુ આપણે કંઈ સમજતા નથી તે ખરેખર કરુણતા છે-નિર્બળતા છે આપણી.

“મહાવીરને માનીએ છીએ પણ મહાવીરનું કહ્યું માનતા નથી.” એ હકીકતને આપણે જાણ્યે/અજાણ્યે પણ ચરિતાર્થ કરતા રહ્યા છીએ. એમણે સ્વાનુભુતિ વડે જ જીવન કંડાર્યું. એમણે પણ સાધના કરીને મુક્તિપંથને શોધ્યો. કેવળજ્ઞાન પામી મોક્ષપંથ મેળવી શુધ્ધાત્માનો સાક્ષાત્કાર કર્યો. આત્મામાંથી મહાત્મા અને મહાત્મામાંથી પરમાત્મા બન્યા. વ્યક્તિ પુજા નહીં શાશ્વતા પંચ પરમેષ્ઠિ પદનું ધર્મ પ્રવર્તન કર્યું જે દરેક વ્યક્તિ પામી શકે છે તેવી યંત્રણા માત્ર સ્વ માટે નહીં પણ સૌ માટે છે તેવો વિશ્વાચાર પ્રગટાવ્યો. અનેક અજ્ઞાન અંધકારને હટાવી સત્ય તેજ પ્રકાશ્યું. એ આપમાં માટે કેટલો જબ્બર ઉપકાર છે. સમગ્ર માનવજાતને માટે એક જ શાશ્વત રાહ છે તેવી અણુશુધ્ધ સત્ય હકીકતની અખંડ જ્યોત પ્રગટાવી ગયા એ વીરશક્તિને આજે તેમના જન્મકલ્યાણદિને ભાવે કરીએ વંદન. એમણે માત્ર સ્વનો જ નહીં, સર્વસ્વનો ખ્યાલ કર્યો. દરેક જીવ “મહાવીર” બની શકે છે તેવી શાશ્વત હકીકત પ્રસ્થાપિત કરી.

એમણે કહ્યું આપણે માત્ર બીજાનાં નહીં પહેલાં આપણા દોષ જોઈએ બીજી તરફ ચીંધાયેલ આંગળી જોતાં બીજી ત્રણ આંગળી આપણાં તરફ જ ચીંધાયેલી રહે છે જે દર્શાવે છે કે બીજાનાં દોષ જોતાં પહેલાં આપણું જ આત્મમંથન કરીએ કે ક્યાં આપણી તો ભુલ નથીને ?


**આદ્યતંત્રીઓ**

**“પ્રકાશ”**
ડો. વેલજી પાશ્વીર ગોસર
**“સમીક્ષા”**
સનત્ શાહ અને
ગોવિંદજી જીવરાજ લોડાયા
**“પ્રકાશ સમીક્ષા”**
સનત્ શાહ

**: સમિતિ સભ્યો :**

કિરીટ લક્ષ્મીચંદ લાપસીયા
રાયચંદ રતનશી નાગડા
શરદ કાંતીલાલ શાહ (નાગડા)
કેશરસિંહ આણંદજી ખોના
તિલકચંદ કુંવરજી લોડાયા
કિરીટ ખેતશી મુનવર
કાશ્મીરા વિરેન્દ્ર લુઠીયા
હિરાચંદ દામજી દંડ
પંકજ પ્રતાપ શાહ
ચંદ્રસેન હીરાચંદ મોમાયા
ચંપક રાયચંદ જીવાણી
શૈલેશ સનત્ શાહ
જયંત વિશનજી છેડા

**ચાલુ અંક માટે મેટર સ્વીકાર માત્ર મંગળવાર સુધી**



નોંધ: આ પત્રમાં પ્રકાશિત થતા લેખકોના સ્વતંત્ર અભિપ્રાય/મંતવ્યો સાથે તંત્રીમંડળ સહમત જ છે એમ માનવું નહીં. તેમજ આરોગ્યને લગતા લેખો કે કોઈ જાહેરાતોમાં કરવામાં આવતા દાવાઓ/વિધાનો અંગે પ્રકાશ-સમીક્ષા સમિતિની કોઈ જવાબદારી નથી.


**જાહેરાત દર**

| સાઈઝ | B/W | રંગીન |
|---|---|---|
| આખું પાનું | ૩૦૦૦ | ૬૦૦૦ |
| અડધું પાનું | ૧૫૦૦ | ૩૦૦૦ |
| પા પાનું | ૭૫૦ | ૧૫૦૦ |
| ૧/૮ પાનું | ૪૦૦ | – |
| ૧/૧૬ પાનું | ૨૫૦ | – |


**પ્રકાશ-સમીક્ષા હવે નેટ પર...**
www.prakashsamiksha.com
E-mail:kdo_prakash@yahoo.co.in

**: કાર્યાલય :**

**પોસ્ટ/કુરીઅર પત્રવ્યવહાર માટે સરનામું**
**C/o. Shri. R. R. Nagda,**
**29/41, Tamarind Lane,**
**Behind Poornima Restaurant,**
**Rajabahadur Comp,**
**Nr.Stock Exchange Bldg,**
**Fort, Mumbai - 400 001.**
**સમય** : બપોરે ૧ થી ૪ ફક્ત
શનિ./રવિ. અને જાહેર રજાના બંધ

જીવનમાં મળેલ નિષ્ફળતાને જો અભ્યાસ કરીને ખોળીએ તો જરૂર મળે કે આપણું ક્યાં ખુટે છે "લોકો આ વાત કેમ કરે છે?" તેના કારણ આપણે સ્વાધ્યાય કરીને પણ જાણી શકીએ.

આપણે એ સમજીએ કે સફળ થવામાં કે સત્ય સાબિત કરવામાં આપણે ક્યાં ઓછા પડ્યા? ક્યાં પુણ્યાઈ ઓછી પડી? વિવેકપુર્વક વિનમ્રતાથી આત્મમંથન કરીએ કે આપણાં પ્રયત્નો હજી નિર્બળ પડી રહ્યા છે જેને કારણે સર્વાનુમતિ કે સફળતા મળી નથી. સમય તો હંમેશા સારોજ હોય છે આપણે તેને અનુકુળ-પ્રતિકુળ માની લીધો છે. આપણે જો પ્રમાણિકપણે સત્ય અને સાત્વીકતાના માર્ગે સીધા ચાલતા હોઈએ અને જો વિઘ્નો આવે તો સમજવું કે હજી કસોટી થઈ રહી છે પુરા ઘડાવવાની અને એ શક્તિ આપશે આપણને સર્વમાન્ય થવા માટે જ.

**માત્ર આપણે જ કે આપણું જ કરીએ તે તો અકબંધ સબંધ કે પ્રબંધ છે. પણ સૌને સાથે લઈને સૌનું કરીએ એ તો સોનામાં સુગંધ છે!**

આપણે જો સીધા (ટટાર) ઉભા હોઈએ અને જો આપણો પડછાયો વાંકો-ચુકો પડતો હોય તેની પણ ચિંતા કરવાની જરૂર નથી. સત્ય આખર સત્ય હોય છે. તેને પુરવાર કરવાની કોઈ જરૂર નથી હોતી. સુરજની અનુભૂતિ હોય-સાબિતી નહી! કોઈ ગ્રહો નડતા નથી. આજે તો માણસ જ માણસને નડી રહ્યો છે.

આપણે માત્ર એટલુંજ ખ્યાલ કરીએ કે - આપણે શું ફરજ નિભાવીએ છીએ? આપણે સાચા માર્ગે ચાલીએ છીએ ને? આપણે ક્યાં ચુકતા નથી ને? આપણું યોગદાન કેટલું? આપણી નિષ્ઠા-વફાદારી કેટલી?

બાકી બધું સામેવાળા પર છોડી દો. એક દિવસે એ આપની ખરી વાત-ખરા વર્તનનો સ્વીકાર કરશે જ.

કોઈની ટીકા કરવાની નહીં પણ આપણાં આત્મમંથનની જરૂરત છે. સામસામા આઘાત-પ્રત્યાઘાત કોઈ હકીકત સિધ્ધ કરી શકવાના નથી. રચનાત્મકપણે જુઓ, ચાલો અને વર્તો, બાકી બધું આપોઆપ મળતું રહેશે. "કોઈનો પ્રેમ અને વિશ્વાસ જીતવા હોય તો તમારે પણ તે બન્ને કોઈને આપવા પડે". જે આપણને નથી ગમતું તે બીજાને પણ ન ગમે. એવી સરળ વાત પ્રભુ મહાવીરે જગતને શીખવી જેને આપણે હરહંમેશ આચરીએ અને મેળવતા રહીએ. એમણે શીખવ્યું કે જે આપણે નથી ઇચ્છતા એ બીજાને ન મળે કે ન પહોંચે તેનો ખ્યાલ તો દરેકે કરવો જોઈએ. મહાવીર જયંતિના પવિત્રદિને વીરપ્રભુનો આ સંદેશ જીવનમાં સતત સાર્થક કરતા રહીએ... *"એક બીજાને ગમતા રહીએ"* અને એ *"વીરનાં ખરા વારસ બનીએ"...*


Since 1984...
**Lagna Deep**



બી-૧૩, જલારામ આશિષ, દેવીદયાલ રોડ,
મુલુન્ડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૮૦.
ફોન : ૨૫૬૮૦૮૦૭ (૦૨૨)

**પધારો... અસ્સલ કચ્છીયતના આંગણે...**

**રીયલ હેન્ડ એમ્બ્રોઈડરી, રીઅલ ઝરી, ચોકબંધ ઘરચોળા**

- રીયલ બટકસબની સાડી બોર્ડર • પીટ્ટાતાર ભરતની સાડી
- કસબ અને જીક કસબની સાડી • પારસી વર્ક
- બ્રાઈડલ ચણીયા ચોળી • ડીઝાઈનર સાડી
- પાનેતર • બનારસી ઉપાડા અને ફેન્સી બાંધણી

ઘરચોળાની ટેસ્ટેડ તથા રીયલ બોર્ડરો મળશે.
(એક્સક્લુઝીવ ડ્રેસ મટેરીયલ)
જુના ઘરચોળા લેવામાં આવશે.
**Mob.: 7666688881**
ગુરૂવાર બંધ

**K. Dixit**
**રીયલ ડાયમંડની ડીઝાઈનર જ્વેલરી તૈયાર મળશે.**
કૌશિક રાયચંદ શાહ (પટેલ) - સાંધાણ
982045 7676
417, Kailash Plaza, Vallabh Baug Lane, Ghatkopar (E), Mumbai - 400 075. • E-mail : kdixit@hotmail.co.in



મેહુલ ભુપેન મૈશેરી
**હોલીડે પ્લાનર્સ**
કોઈપણ ટુર માટે વિશ્વનીય નામ...
જ્યુટાઉન, કોચીન-682002 ફોન : 08129945429
Email : info@holidayplannersonline.com

- ભારત અને વિદેશની વિવિધ ટુર પેકેજ, હોટેલ-વાહન રીઝર્વેશન,
- ટેલર મેઈડ અને કસ્ટમાઈઝડ ટુર્સ
- ટુર ગાઈડ પણ મળશે.
- ઉત્તમ જૈન-ગુજરાતી ખાનપાન સુવિધા
- શ્રેષ્ઠ સુવિધાસહ વાહન વ્યવસ્થા

॥ શ્રી મહાવીરાય નમઃ ॥

## માદરે વતન કચ્છમાં પંચતીર્થી શણગાર જખૌ તીર્થે ૧૬૩ વર્ષ પ્રાચીન નવ ટુંક જિનાલયે પર્યુષણ પર્વની ઉજવણી કરવા સર્વ ગામવાસીઓ, નિયાણી બહેનો અને ઇચ્છુક સાધર્મિકોને સપરિવાર પધારવા

| ~ પ્રસ્થાન ~ | **હાર્દિક આમંત્રણ** | ~ પુનઃ પ્રસ્થાન ~ |
|---|---|---|
| રવિવાર, તા.૧૨-૮-૨૦૧૨<br>૧૯૧૧૫-સયાજી એક્સપ્રેસ<br>બપોરે ૨.૫૦ કલાકે<br>બાન્દ્રા ટર્મીનસથી... | ~ પર્યુષણ પ્રારંભ ~<br>શ્રાવણ વદ ૧૩ને મંગળવાર, તા.૧૪-૮-૧૨ | ગુરૂવાર, તા.૨૩-૮-૧૨<br>૧૯૧૩૨ કચ્છ એક્સપ્રેસ<br>સાંજે ૭.૫૦ કલાકે<br>ભુજથી... |

બાન્દ્રા (ટ) - જખૌ - બાન્દ્રા (ટ) જવા-આવવાનું પ્રતિ વ્યક્તિ રૂા.૧૦૦૦/- (નોન રીફંડેબલ) અથવા ફક્ત આવવા કે જવા માટે એક ટ્રીપના રૂા.૫૦૦/- (નોન રીફંડેબલ) ભરી આપના નામો વહેલા તે પહેલાના ધોરણે તા.૧૦-૪-૨૦૧૨ પહેલા નીચેના સંપર્ક ઉપર નોંધાવી દેવા વિનંતી. જેથી સંઘરૂપે જવા આયોજન છે. સ્થાનિકે- ઉતારાની અને સાધર્મિક ભક્તિની વ્યવસ્થા સામુહિક રીતે કરવામાં આવશે.




-: નિમંત્રક :-

**શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન -જખૌ**

**શ્રી જખૌ રત્નટુંક જૈન દેરાસરજી ટ્રસ્ટ**

-: વધુ માહિતી માટે સંપર્ક :-

| ભરત જીવાણી-પ્રમુખ | હરીશ શિયાડ-માનદમંત્રી | કુલીન મૈશેરી-મેનેજીંગ ટ્રસ્ટી |
|---|---|---|
| 09833921313 | 09702854854 | 09820198823 |

જતાં અને આવતાં અન્ય તીર્થ ચૈત્યદર્શન અને ગુરૂવંદનનો લાભ લેવાની ભાવના છે.

(આ જખૌવાસી સંઘમાં પર્યુષણ પર્વ દરમ્યાન જે કોઈને જે કંઈ પણ લાભ લેવા હોય તે સમયસર સંપર્ક કરશોજી.)

॥ શ્રી સુપાર્શ્વનાથ સ્વામીને નમઃ ॥

સૌરાષ્ટ્ર-હાલાર પ્રદેશ મંડન

## શ્રી મોડપુર સુપાર્શ્વનાથ જૈન શ્વેતાંબર તીર્થ વિકાસયાત્રા સમારોહ

**હાર્દિક આમંત્રણ**

પ્રેરણા-માર્ગદર્શન-નિશ્રા : **પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસુરીજી મ.સા.આ.ઠા.**

કાર્યક્રમ સંચાલન : **શ્રી નરેન્દ્રભાઈ નંદુ અને સાથીઓ**

**શુભ દિવસ : રવિ. તા.૮-૪-૧૨ સવારે ૮ કલાકે...**

**સ્થળ : કાલિદાસ નાટ્યમંદિર, મુલુન્ડ (વે), મુંબઈ-૮૦.**

આપણાં હાલાર પ્રાંતનાં વતનમાં આવેલ ૪૦૦ વર્ષ પ્રાચીન તીર્થનો જિર્ણોધ્ધાર અને પુનર્નિર્માણ કાર્ય દેવ-ગુરૂની અસીમ કૃપાએ સાકાર થઈ રહ્યું છે. આ તીર્થનો મહિમા અને વિકાસયાત્રા વિષે પૂ.આ.શ્રી કલાપ્રભસાગરસુરીજી સવિસ્તર માહિતી આપી માર્ગદર્શન કરશે. આપણાં ગૌરવસમા આ તીર્થ વિકાસની યાત્રા આ કાર્યક્રમમાં સમજાવવામાં આવશે. આ અનેરા અવસર પ્રસંગે જ્ઞાતિના મહાજનો / સંઘો / સંસ્થાઓના પદાધિકારીઓ / પ્રતિનિધિઓ અને વ્યક્તિવિશેષ મહાનુભાવો પધારશે. સૌ સમાજવાસી કાર્યકરોનાં મિલનમાં પરસ્પર મળવાનો લાભ મળશે. સૌને બહોળી સંખ્યામાં પધારવા આગ્રહભર્યું આમંત્રણ છે. સવારે નવકારશી અને સાધર્મિકભક્તિની વ્યવસ્થા છે.




-: નિમંત્રક :-

**શ્રી મોડપર તીર્થ જૈન દેરાસર અને ઉપાશ્રય ટ્રસ્ટ**

**પધારો... સમાજ મિલનનો આ અવસર ચુકશો નહીં.**




### મુંબઈ મહાજન યાત્રા કાર્યક્રમ ફેરવે

પ્રકાશ-સમીક્ષા દ્વારા નિયમિત સમાચાર મળે છે. મુંબઈ મહાજનનાં વર્ષ ૨૦૧૨-૧૩નાં કાર્યક્રમ આયોજન વાંચ્યા.. પ્ર.સ.નાં માધ્યમે જાણ્યા. અભિનંદન.. તા.૧૪-૧૧-૧૨ થી ૨૩-૧૧-૧૨ કેરાલા-તામિલનાડુ યાત્રા વાંચીને બહુજ આનંદ થયો. અમારા જેવા ઘણાં ભાઈ-બહેનો હશે જેમને જવાનું મન પણ થાય પરંતુ પ્રવાસનો ટાઈમ બેસતા વર્ષે જ રાખેલો હોવાથી જરા વિચાર થાય. દિવાળીનું પુજન કરવું પડે. મુર્હતો લગભગ સાંજના હોય. દેશાવરવાળા ભાઈ-બહેનોને તો તે જ દિવસે સાંજે રવાના થાય તો જ બેસતા વર્ષે મુંબઈ પહોંચી યાત્રામાં જોડાઈ શકે. ધંધાવાળાને તો મોટા દિવસોમાં બધું કરીને આટોપવાનું હોય તો જ નીકળી શકે.

તો શક્ય હોય તો આ યાત્રા કાર્યક્રમ બેસતા વર્ષના બીજે દિવસે પ્રસ્થાન રાખો તો સૌને સગવડતા રહે.

*ધુલીયા : ૨૧-૩-૧૨ — રંજનાબેન મેઘજી સોની*

### પાલીતાણામાં હવાડાની આવશ્યકતા

પાલીતાણા ધાર્મિક શહેર હોવાથી દાનપુણ્યની ગંગા વહેતી રહી છે. યાત્રિકો દર પરોઢિયે ગાયોને લીલો ચારો ખવડાવવાનું ચૂકતા નથી.. પરંતુ ગાયોને પીવા માટે પાણીની કોઈ જોગવાઈ નથી.. શેઠ નરશી નાથા ધર્મશાળા પાલીતાણામા મોકાની જગ્યાએ આવેલી છે. બહેતર છે કે ધર્મશાળાની બહાર એક બાજુ ગાયોને પીવાના પાણી માટે વહેલી તકે હવાડો બાંધી કાર્યરત કરવો જોઈએ.

*મુલુંડ : ૨૧-૩-૧૨ — કાંતિલાલ કેશવજી મોતા*

### જ્ઞાતિ પ્રવાહનું સાપ્તાહિક માધ્યમ

ક.દ.ઓ. પ્રકાશ સમીક્ષા જ્યારથી સાપ્તાહિક બન્યુ છે ત્યારથી બહુજ થોડા વખતમાં પરિવારના સર્વે સમાચાર, ભારતભરમાં વસતા આપણી જ્ઞાતિને સ્પર્શતા સમાચારો, સંસ્થા સમાચાર, ચર્ચાને ચોતરેમાં આવનાર લેખ, પ્રકાશ-મંજૂષા, તેમજ અવાર નવાર આવતા "કચ્છડો કામણગારો" દિકરી વહાલનો દરિયો, બોધકથા, "છે તેને માણો, નથી તેનુ દુઃખ સાથે ન લો.." અનંતછાયાનાં પડછાયા બાબત તંત્રી સમીપે એવા અવનવા લેખ વાંચવા મળે છે. જ્ઞાતિના દરેક સ્તરે સેતુ બંધાય છે. તેવું વાંચતી વખતે લાગણી ઉભરાય છે. પ્ર.સ. ઉતરોત્તર પ્રગતી કરે અને સર્વે સમિતિ સભ્યો અને સ્ટાફને ધન્યવાદ.

*કરાડ : ૧૦-૩-૧૨ — ચિમન વસનજી નાગડા*

॥ જય જય શ્રી ચિંતામણી પાર્શ્વનાથજી ॥

## શ્રી વરાડીયા જૈન મહિલામંચ-મુંબઈ

-: આગામી કાર્યક્રમ :-

- **૨૧ એપ્રિલ-ઉજાણી, મુલુંડ**
- **૨૧-૨૪ જુલાઈ-વરાડીયા યાત્રા પ્રવાસ**

શનિ **તા.૨૧-૪-૧૨**, સ્વપ્નનગરી, મુલુંડના ટેકરી પાસેના ગાર્ડનમાં **ઉજાણી** રાખેલ છે. મંચના સભ્યોએ સાંજે ૪.૩૦ કલાકે સ્વપ્નનગરી ચૌમુખ આદિનાથ જિનાલય પાસે ભેગા થવું. દરેક મેમ્બરે પોતાની સાથે નાસ્તાનો ડબો તથા એક ગીફ્ટ લઈ આવવી. દેરાસર દર્શન બાદ ગાર્ડનમાં ઉજાણીમાં ડબા પાર્ટી તથા સકર્યુલેટીંગ ગીફ્ટ ગેમનું આયોજન છે. ગાર્ડનમાં સાંજે ૭ થી ૮ વૃંદાવન ગાર્ડન-બેંગ્લોર જેવા મ્યુઝીકલ વોટર ફાઉન્ટન્ટનો શૉ માણીશું.

આપણા વતન વરાડીયામાં શ્રાવણ સુદ પાંચમ, **તા.૨૩ જુલાઈ**ના જિનાલયના વાર્ષિક ધ્વજારોહણ પ્રસંગે ભદ્રેશ્વર-વરાડીયા સહિત પાંચેક તીર્થોની યાત્રાનું આયોજન છે. અંદાજિત ખર્ચ રૂા.૧૫૦૦/- છે. રૂા.૧૦૦૦/- ભરી તા.૧૫-૪- સુધી મંચના સભ્યો તથા તેમના કુટુંબીજનોના નામ નોંધાવવા વિનંતી છે. તા.૨૧-૭ શનીવારેના મુંબઈથી રવાના થઈ તા.૨૪-૭ના મુંબઈ પાછા આવીશું.

-: સંપર્ક સુત્ર :-

| લીના મોમાયા | આશા ડાઘા | પ્રિયા મોમાયા |
|---|---|---|
| 9321691018 | 9594871898 | 7498442020 |

## શ્રદ્ધાંજલી સુમન



**સ્વ. અ. સૌ. જયવંતીબેન ચિમનલાલ લોડાયા**

મુલુંડ-મોટી સિંધોડી

(પ્રમુખ-પ્રગતિ મહિલા મંડળ, મોટી સિંધોડી)

તા.: ૨૯/૦૩/૨૦૧૨, ગુરૂવારના દુઃખદ નિધન થતા અમે સૌ ગામવાસીઓ તથા દરેક સંસ્થાઓએ ઘેરા શોકની લાગણી અનુભવેલ છે. સદાયે હસમુખો ચહેરો, સંનિષ્ઠતા, કાર્ય કરવાની તમન્ના, સૌની ભલાઈ કરવાની ભાવના સાથે મૈત્રીભાવ દાખવી આપણી સંસ્થાના સાચા સુકાની બની રહ્યા. સદ્દગતનાં આત્માને પરમ શાંતિ મળે એવી ભાવભીની શ્રદ્ધાંજલી...

❉ શોકાતુર ❉

શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન, મોટી સિંધોડી

શ્રી નેમિનાથ મહારાજ જૈન દેરાસર ટ્રસ્ટ, મોટી સિંધોડી

શ્રી પ્રગતિ મહિલા મંડળ, મોટી સિંધોડી

શ્રી નેમ યુથ ફોરમ-મોટી સિંધોડી

## TEEN TWINKLE

**General Knowledge & fun for teenagers.**


**Mrs. Neelam Dalesh Momaya (Chalisgaon)**
**M/s. Damji Bhimji Co.,** Station Road,
Chalisgaon- MH. 424101.


### INTERESTING ANECDOTES

One day a sultan and mu a ruddin Hodja happenned to be in town. " I wonder if people know me here', said the sultan. "let us walk down the main road and see if the people recognise me". As they walked down the main road many people smiled at Hodja but no one took notice of the sultan.

The ruler was surprised and said, " they know you but they don't know me!' "they don't know me either your excellency," replied Hodja. Then why did they smile at you only? Questioned the sultan. "they smiled at me because I smiled at them," replied Hodja smiling.

### PROVERBS ARE LAMPS TO LIFE

Youth of a nation are the trustees of prosperity.

He who is overcautious will accomplish little.

One who wants nothing gets everything.

### AMAZING FACTS ABOUT TIGER BEETLES

Tiger beetles are hungry hunters, chasing down and flying after their prey and using their razor sharp, curved jaws to hold their victims tightly.

These jaws are also very useful in cutting up the prey. An adult tiger beetel can run as fast as an adult human can walk,

If they are attacked , they will shoot out a hot smelly liquid that burns like acid. These beetles are therefore called killer machines

### AMAZING FIGURES

The famous Angkor Wat in cambodia is the biggest temple in the whole world. Conservation work here took about six years and the expenditure on the project was about 4.5 crores. The temple is dedicated to Lord Vishnu. It was built by the khymer king surya Varman II who ruled Angkor from 1113 to 1150 A. D.

- Hawa Mahal or the palace of winds in Jaipur, the pink city in Rajastan is 202 years old.
- This magnificient structure was ruled by the poet king Maharaja Sawai Pratap Singh in 1799.
- Dedicated to Lord Krishna by the king it is shaped like the crown that adorns the lords head.
- This unusual structure has 900 niches

### THINK OVER IT

An ancient Greek thinker gave us the three principles of mental health- know yourself, accept yourself, be yourself. *it does not help us a bit to pretend that we are what we are not. But it helps a lot towards self control, inner harmony and mature character when we have the frankness and courage to accept ourselves just as we are. If we learn to accept the people at home, at work, in society just as they are, with their faults and failings as with their good qualities, we have a secret of peace and harmony in our personal relationships.

## ઝુકી તો જવાયને !

### પાલીતાણામાં ગૌરવપ્રદ પ્રસંગ

શ્રી સિધ્ધાચલજીમાં શ્રી અજિત-શાંતિજિન પુનઃ પ્રતિષ્ઠાના લાભાર્થી ધર્મનિષ્ઠ રાપરગઢવાળીના **માતુશ્રી તારાબેન માણેકજી મોતા પરિવાર** તરફથી મહોત્સવ દરમિયાન એક દિવસ સાંજે સંધ્યાભક્તિના મહામૂલા આયોજન માટે ફાળવ્યો હતો અને તે પ્રસંગે પાલીતાણાનાં જૈનેતરોને પણ ભૂલ્યા ન હતા. વિશાળ દિલ પાલીતાણાના લબ્ધપ્રતિષ્ઠિત શાહ સોદાગરો, વ્યાપારીઓ, સમાજસેવકો ઇત્યાદિ મહાનુભાવો જૈન ધર્મ પ્રત્યે ઊંડા આદરની લાગણી સાથે સપરિવાર આનંદપૂર્વક જોડાયા અને શોભામાં અભિવૃધ્ધિ કરી હતી. આગંતુકોમાં વહોરા, પારસી, શીખ તેમજ વૈષ્ણવધર્મી દષ્ટિગોચર થતા હતા. પાલીતાણા તેમજ આસપાસના ગામોના સજજનોની તેમજ સન્નારીઓની ભરચક હાજરીથી ખરેખર ઝુકી તો જવાય ને!

***- કાંતિલાલ કેશવજી મોતા (મુલુન્ડ)***

# શિયાલ પરિવારની અંતરભીની શ્રધ્ધાંજલિ

જન્મ
૨૭-૪-૧૯૪૦



દેહવિલય
૨૦-૩-૨૦૧૨

## શ્રીમતી રંજનબેન રામજી પદમશી દંડ

**(સેવક ભરૂડીયા-ઉદયપુર)**

પ્રભાવશાળી વ્યક્તિત્વ, પરોપકારી ભાવના,
પ્રતિકુળતાને અનુકુળતામાં ફેરવવાની કોઠાસુઝ, સૌ પ્રત્યે સ્નેહ,
સદાભાવ, સૌના ચહેરા પર હાસ્ય ફેલાવનાર અને કૌટુંબીક
કાર્યોમાં ઘસાઈ છુટનારા એવા અમારા વાત્સલ્યદાયી વેવાણ
રંજનબેનની અણધારી વિદાય થઈ.

હે! પરમ પ્રભુ પરમાત્મા
એમના આત્માને સુખ-શાંતિ મળે તેમજ તેમનો આત્મા
સદગતી પ્રાપ્ત કરે અને એમના પરિવારજનો પર આવી પડેલ
આઘાતજનક દુઃખ જીરવવાની એમને શક્તિ આપે એજ
દાદા આદિનાથ પાસે હ્દયપૂર્વકની પ્રાર્થના...

**-: શ્રધ્ધાંજલી સુમન :-**

વેવાણ : **માતુશ્રી નવલબેન જેતશી મેઘજી શિયાલ**
**અ.સૌ. નીતા-ચન્દ્રેશ જેતશી શિયાલ**
**ચિ. હર્ષ ચન્દ્રેશ શિયાલ**
દિકરી-જમાઈ : **કલાવંતી-નરેન્દ્ર જેતશી શિયાલ**
દોહીત્ર - દોહીત્રવહુ : **મેઘા (તનીશા) જતીન નરેન્દ્ર શિયાલ**
દોહીત્રી - જમાઈ : **નમ્રતા-પ્રજ્ઞેશ બાબુલાલ સંઘવી (મુલુન્ડ)**
**આગમ તથા રિધ્ધી પ્રજ્ઞેશ સંઘવી**

**તથા સમસ્ત શિયાલ પરિવાર (દલતુંગી)**

**સૌજન્ય : શિયાલ બ્રધર્સ, મુંબઈ - 400 009**
**Tel.: 022 - 6631 2194 / 98200 34268**

# માનવીનું પ્રથમ કર્તવ્ય એટલે 'જીવદયા'

## ગરમીમાં તરસ છીપાવવા માટે આપણી પાસે તો અનેક વિકલ્પો ડગલે ને પગલે ઉપલબ્ધ છે !!!



## પણ નિરાધાર પશુ-પક્ષીઓ માટે શું ???



## 'બહેના' પાસે પર્યાય છે !



**છેલ્લા ૩ વર્ષોથી 'બહેના' દર વર્ષે નિરાધાર પશુ-પક્ષીઓ માટે પાણીના કુંડાઓનું નિઃશુલ્ક વિતરણ કરે છે. જેના અંતર્ગત અત્યાર સુધીમાં ૧૨૦૦૦ થી વધારે કુંડાઓનું નિઃશુલ્ક વિતરણ કર્યું છે.**

હા, ફરી આ વર્ષે પણ ૯૦૦૦ પાણીના કુંડાઓનું મુંબઇભરમાં ૩૦ થી વધારે વિતરણ કેન્દ્રો દ્વારા નિઃશુલ્ક વિતરણનું આયોજન કરવા **'બહેના'** કટીબદ્ધ છે. ૧૦૦ કુંડાના રૂા. ૫૧૦૦.૦૦ લેખે અથવા એના ગુણાકારમાં વધારેને વધારે દાન આપી આપ જીવદયા પ્રેમી પરિવારોને આ યજ્ઞને સફળ બનાવવા નમ્ર નિવેદન.

**દાન માટે આપ આપના મોબાઇલ પરથી DONATION WATER BOWL ટાઇપ કરી ૦૯૮૧૯૬૭૪૨૭૮ ઉપર SMS કરો અથવા મોબાઇલ નંબર ઉપર ફોન કરી આપના પરિવારનું નામ લખાવો.**

**વિતરણ કેન્દ્રોના નામ, એડ્રેસ માટે ખબર પત્રિકા જોતા રહો**

**બહેના** | **ત્વચાદાન** | ચક્ષુદાન | જીવદયા



**'બહેના' સંચાલિત**

**માતૃશ્રી વાલબાઈ મુલજી શાહ (સણોસરા) સર્વાંગી વિકાસ કેન્દ્ર**

રામગઢ, ગૌશાળા રોડ, પુરૂષોત્તમ ખેરાજ રોડ અને ગૌશાળા રોડના જંકશન પાસે, મુલુંડ-પશ્ચિમ, મુંબઈ-૪૦૦૦૮૦

e-mail:bahena@email.com • ફોન : ૨૫૬૮૯૯૯૯

Darshna Graphics

**'બહેના' પરિવાર વતી સુંદરજી મુલજી નાગડા (સણોસરા)**

# પ્રભુ મહાવીર વિસરતા કેમ નથી?

***કાનમાં ખીલા ઠોક્યા જ્યારે, થઈ વેદના પ્રભુને ભારે...***
***તોયે પ્રભુજી શાંત વિચારે, ગોવાળનો નહીં વાંક લગારે..***

પરમ તીર્થંકર શ્રી મહાવીર જન્મકલ્યાણકના, પાવન અવસરે માણીએ પ્રભુનાં ગુણગોષ્ઠિ...

વિ.સં.૨૦૬૮, ચૈત્ર સુદ-૧૩ને બુધવારે વિશ્વ વાત્સલ્યમૂર્તિ અને કલ્યાણકનિધી પ્રભુમહાવીરના જીવનસંદેશને આત્મસાત કરવાનો એ દિનથી અન્ય રૂડો દિવસ કયો હોય?

પ્રભુ મહાવીર એકલા જૈનોના જ નહીં પણ સમગ્ર વિશ્વના છે તેવી ભ્રાંતિ સૌને છે. પરંતુ જ્યારે મહાવીરના ગુણગોષ્ઠિ વિશે ચર્ચા કરીએ તો મહદઅંશે એટલું જ મુખમાંથી બોલાશે કે જૈનોના ચોવિસમા તીર્થંકર બસ આટલેથી આગળ શું? કેટકેટલાય જન્મ કલ્યાણકો ઉજવાઈ ગયા, આ દિવસે જાહેર રજા પણ પળાય છે. રજા હોવા છતાં સૌ પોતપોતાની ધૂનમાં મસ્ત, વ્યસ્ત અને સ્વસ્થ હોય છે, લગીરે નાના બાળકોથી મોટેરાંને એમ પણ ભાગ્યે જ થાય છે કે લાવને મહાવીર પ્રભુનું એકાદ પુસ્તક-ગ્રંથ હાથમાં લઈ થોડા પાના વાંચી જાઉં... પરંતુ પુસ્તક હાથવગું હોય તો ને? મોબાઈલ, ટેલીફોન આવી અનેક સામગ્રી હાથવગી આજના યુગમાં સૌની પાસે હશે, પરંતુ વિશ્વ વાત્સલ્યમૂર્તિ પ્રભુ મહાવીરને લગતી ઘણી બાબતોથી આપણે સૌ દૂર છીએ! ક્યારે નજીક આવશું? આયખું પૂર્ણ થવાને આરે હશે ત્યારે?

તો ચાલો, આજે જન્મ કલ્યાણકે પ્રભુ મહાવીર વિશે ફૂલ નહીં તો ફૂલની પાંખડી જેટલું પણ કંઈક ઉપાર્જન કરીને જૈન હોવાની ધન્યતા અનુભવીએ!

**૧) ભગવાન મહાવીરનો સાંસારિક પરિવાર...!**

પ્રથમ માતા... દેવાનંદા; પ્રથમ પિતા... ઋષભદત્ત બીજા માતા... ત્રિશલા રાણી, બીજા પિતા... સિધ્ધાર્થ રાજા મોટા ભાઈ... નંદીવર્ધન; ભાભી... જ્યેષ્ઠા; બેન... સુદર્શના... પત્ની... યશોદા; પુત્રી... પ્રિયદર્શના; જમાઈ... જમાલી... મામા... ચેડારાજા મામી... પૃથ્વીરાણી; માસા... શતાનિક રાજા... માસી... મૃગાવતી; કાકા... સુપાર્શ્વ; સસરા... સમરવીર.. સાસુજી..પદ્માવતીરાણી નાનાજી... કેકરાજા; નાનીજી... યશોમતીજી. પૌત્રી શેષવતી; ફુવા... જિતશત્રુ...

**૨) મહાવીરસ્વામીના કલ્યાણક તિથિ અને સ્થળ... !**

★ ચ્યવન કલ્યાણક... અષાઢ સુદ-૬; બ્રાહ્મકુંડ નગર
★ જન્મ કલ્યાણક... ચૈત્ર સુદ-૧૩ ક્ષત્રિયકુંડ નગર
★ દીક્ષા કલ્યાણક.. કારતક વદ-૧૦; ક્ષત્રિયકુંડ નગર
★ કેવળજ્ઞાન કલ્યાણક... વૈશાખ સુદ-૧૦ ઋજુવાલિકા નદીના કિનારે
★ નિર્વાણ કલ્યાણક... આસો વદ-અમાસ ; પાવાપુરી

**૩) મહાવીરસ્વામીના યક્ષ : માતંગ યક્ષ. મહાવીરસ્વામીના યક્ષિણી સિધ્ધાયિકા દેવી**

**૪) મહાવીર પ્રભુના ૧૧ ગણધરો :**

૧. ઈન્દ્રિભૂતિ ૨. અગ્નિભૂતિ; ૩. વાયુભૂતિ ૪. વ્યક્ત; ૫. સુધર્મા; ૬. મંદીત ૭. મૌર્યપુત્ર; ૮. અચલભ્રાતા, ૯. અકમ્પિત; ૧૦. મેતાર્ય; અને ૧૧. પ્રભાસ...

**૫) ભગવાન મહાવીરની સંક્ષિપ્ત જાણકારી...**

વર્ણ : સુવર્ણ (પીળો) જાતી : ક્ષત્રિય
સંઘયણ : વજ્રઋષભનારાચ સંસ્થાન : સમચતુરસ્ત્ર
કાયા : સાત હાથની બળ : અનંત
કુળ : ઈક્ષ્વાકુ વંશ : જ્ઞાત વંશ
ગૌત્ર : કાશ્યપ લોહીનો રંગ : શ્વેત
લાંછણ : સિંહ શુભચિન્હો : ૧૦૦૮

**૧. ગૃહસ્થાવસ્થાનો કાળ** : ૩૦ વર્ષ
**૨. દીક્ષા પર્યાયનો કાળ** : ૪૨ વર્ષ
**૩. છદ્મસ્થાવસ્થાનો કાળ:**સાડા બાર વર્ષ અને ૧૫ દિવસ
**૪. કેવળજ્ઞાનનો કાળ** : ૨૯ વર્ષ અને ૫ માસ
**૫. વાર્ષિક દાન કેટલું આપ્યું?** ૩ અબજ ૮૮ ક્રોડ અને ૮૦ લાખ સોનામહોરનું
**૬. દીક્ષા સમયે વય** : ૩૦ વર્ષ
**૭. દીક્ષાના દિવસનો તપ** : છઠ્ઠ (બે ઉપવાસ)
**૮. દીક્ષા શીબિકાનું નામ** : ચંદ્રપ્રભા
**૯. દીક્ષા લીધેલ તે વનનું નામ** : કુંડ ગામના જ્ઞાતખંડ વનમાં
**૧૦. કેવળજ્ઞાનનું સ્થાન** : જૃંભિક ગામની બહાર નદીના કિનારે
**૧૧. કેવળજ્ઞાન કઈ નદીના કિનારે** : ઋજુવાલિકા
**૧૨. ક્યા વૃક્ષ નીચે** : શાલવૃક્ષ નીચે
**૧૩. કેવળજ્ઞાન ક્યા આસને થયું** : ઉત્કટિક અથવા ગૌદુહાસન
**૧૪. કેવળજ્ઞાન વખતે તપ ક્યો** : છઠ્ઠ
**૧૫. વાણીના ગુણો કેટલાં** : પાંત્રીસ
**૧૬. તીર્થ (શાસન) સ્થાપના ક્યારે** : વૈશાખ સુદ૧૧ના દિવસે
**૧૭. મોક્ષ વખતે દેશના**:૪૮ કલાક સુધી (૧૬ પ્રહર)
**૧૮. શાસનમાં છેલ્લે મોક્ષ જનાર** : શ્રી જંબુસ્વામીજી
**૧૯. ભગવાનના અતિશયો** : ૩૪
**૨૦. પ્રાતિહાર્ય કેટલા** : ૦૮

જોયુંને, ભગવાન મહાવીરની ટૂંકી ઝાંખી! યાદ ન રહે તે સંભવ છે. પરંતુ જૈન કુળના નાતે "મહાવીર પ્રભુ"ની માહિતી હજુ પણ વિસ્તૃત ક્યાંકથી પણ ઉપલબ્ધ થાય કે તરત ડાયરીમાં ટપકાવી દેવી અતિ જરૂરી છે. જૈનેતર પાસેથી આ પ્રકારની માહિતી ક્યારેક મળી આવે છે કારણ પ્રભુ મહાવીર ફક્ત જૈનોના નહી પરંતુ સારી દુનિયાના છે માટે ! ઉક્ત માહિતીનું સંકલન કરવાની પ્રેરણા પૂ. ગણિવર્ય શ્રી તીર્થભદ્રવિજયજી મ.સા.એ આણંદમાં કરાવેલ.. ચાતુર્માસમાં તેઓશ્રીએ કવીઝ કોન્ટેસ્ટ વિષય "પ્રભુ મહાવીર પરમાત્માની જીવનયાત્રા"માંથી સાભાર.

***- સં. શ્રીમતી નયના અને***
***ડૉ. ઠાકરશી ગોવિંદજી મૈશેરી (આણંદ)***

# બાળકને 'ના' જીરવતાંય શીખવવું પડે

''બહેન ! મારા અનુજને અહીં આઠમા ધોરણમાં સ્કૂલમાં એડમિશન મળ્યું છે. આમ તો એને સ્કૂલમાં ફાવી ગયું છે પણ ગઈકાલે વર્ગ બદલાયો તેથી તે બહુ અસ્વસ્થ થઈ ગયો છે. ઘેર આવીને ખૂબ રડ્યો કે 'મારે આ સ્કૂલમાં નથી જવું, મારો ભાઈબંધ પેલા વર્ગમાં રહ્યો અને હું છૂટો પડી ગયો. બહેન ! અમે એ બંને સાથે રહે એટલે જ આ સ્કૂલમાં એડમિશન લીધું છે. ને હવે એ બે છોકરાં છૂટા પડી જશે તો ભારે મુશ્કેલી થશે. તમે એ બંનેને એક વર્ગમાં ગોઠવી આપોને.''

''ભાઈ ! મારે આ હેરફેર વર્ગની સંખ્યા જોઈને કરવી પડે છે. એક વર્ગમાં સંખ્યા વધી જતી હોય અને બીજા વર્ગમાં ઓછી સંખ્યા હોય તો એવા ફેરફાર તો મારે નવા આવેલા વિદ્યાર્થીઓમાં કરવા જ પડે ને ! શરૂઆતમાં આવે ત્યારે બધાંને એક જ વર્ગમાં બેસાડીએ પછી જુલાઈ મહિનો શરૂ થતાં આ વ્યવસ્થા તો અમારે કરવી જ પડે. એ માટે આ બધું શક્ય કેવી રીતે બને? તમે જાણો છો કે આજકાલ સારી શાળામાં એડમિશન કેટલી મુશ્કેલીથી મળે છે. બાવીસ છોકરાંઓના ટેસ્ટમાંથી માંડ આઠ છોકરાં લઈ શકાયાં છે. અને પછી વર્ગની સંખ્યા મારે ગોઠવવી તો પડે જ. મારે મન તો આ બધા જ વિદ્યાર્થી સરખા, તમારી અનુકૂળતા પ્રમાણે હું વર્ગની ગોઠવણી કેવી રીતે કરી શકું?''

'પણ બહેન ! એનો ભાઈબંધ બીજા વર્ગમાં રહ્યો ને એનો વર્ગ બદલાઈ ગયો એને કેવી રીતે ગમે? તમે ગમે તેમ કરો એનો વર્ગ બદલાવી આપો. એના ભાઈબંધ સાથે મૂકી આપો. એ માનતો નથી.'

'ભાઈ ! બાળક શાળાએ ભણવા આવે છે કે ભાઈબંધ સાથે દોસ્તી માણવા? વર્ગમાં જ્યાં ભણવાનું જ છે તેમાં ભાઈબંધની શી જરૂર? રિસેસમાં તો ભાઈબંધને મળી જ શકશે ને? ઉપરથી વર્ગમાં ભાઈબંધ નહીં હોય તો એ ભણતર વધુ સારું કરી શકશે. વર્ગમાં વધુ ધ્યાન આપી શકશે. બધે જ કંઈ બધું જ આપણું ધાર્યું હોય એ મુજબ થઈ શકે ખરું ! છોકરાઓ તો નાદાન છે. એમનેય આપણે આ બધું શીખવવું તો પડશે ને.!'

''તમને ખબર છે ! હજી તો તે જેમ જેમ મોટો થતો જશે તેમ તેમ તેને ઘણી બધી નહીં ગમતી વાતો સ્વીકારવી જ પડશે. એ જો સ્કૂલ બદલવા તૈયાર થયો તો વર્ગ બદલવા તૈયાર ન થાય તેવું તે કંઈ હોય ! ભવિષ્યમાં મોટો થશે અને કદાચ પરદેશ ભણવા જવાનું થશે તો ત્યાંય એના આ ભાઈબંધને લઈને જશે? એ શક્ય બનશે ખરું ! જીવનમાં પરિવર્તન સ્વીકારવાની પણ કેળવણી તો આપવી જ પડશે ને ! સ્વીકાર્યતા કેળવતાંય શીખવવું તો પડશે જ ને ! કદાચ પરીક્ષામાં ઓછા માર્ક્સ લાવશે તો ચાલશે પણ એના ઘડતરમાં તો કચાશ કેમ રખાય? આ પણ એક ઘડતરનું પાસું છે ભાઈ ! સંતાનને શીખવવું પડે કે જીવનમાં બધું જ આપણે ધારીએ તેમ ન થાય. જેમ જેમ મોટો થતો જશે તેમ પરિસ્થિતિ એવી થતી જશે કે નહીં ગમતી ઘણીબધી વાતો એને સ્વીકારતાં શીખવી પડશે. અને એ કેળવણી માટે આ તો પાશેરામાં પહેલી પૂણી છે. એમાં આટલા બધા મૂંઝાઈ શું જાવ છો? આપણે આ જ તો બધું એને શીખવવાનું છે.''

'પણ બહેન ! મેં એને હજી સુધી કશાયમાં 'ના' કહી જ નથી. આજ દિન સુધી લગભગ બધું જ એની ઈચ્છા મુજબ થતું આવ્યું છે અને એટલે આ આઘાત એને માટે જીરવવો મુશ્કેલ છે. ગમે તેમ કરો. પણ મને વર્ગ બદલી આપો નહીં તો ભારે મુશ્કેલી થશે, ને આખીય ગાડી પાટા પરથી ઊતરી જશે...એ બહુ જ લાગણીશીલ છે.'

અનુજના પપ્પાની આ વાત સાંભળી મને એમને માટે સાચે જ કરુણા ઊપજી....આજે આપણે બાળકનો ઉછેર કેવો કરીએ છીએ...? મને યાદ છે અમે નાનાં હતાં ત્યારે મા કે બાપ સહેજ 'ના' કહે એ સ્વીકારવી જ પડે. એમાં ક્યાંય વાદ કે વિવાદ ચાલે જ નહીં અને એથીય વધુ તો એવું હતું કે વડીલોનાં મોંના હાવભાવ જોઈને જ અમને- છોકરાંઓને સમજાઈ જતું કે 'આમ નહીં કરવાનું અને કરીશું તો માબાપ નાખુશ થશે.' મા-બાપ નાખુશ ન થવાં જોઈએ અને માબાપની આજ્ઞાનું પાલન કરવું જોઈએ. એવાં જીવનનાં મૂલ્યો બાળપણથી જ અંતર્ગત થયેલાં હતાં. તેને ઠેકાણે આજે બાળક નાનું હોય ત્યારથી જ પોતાનું ધાર્યું જ કરાવવા ટેવાઈ જાય છે. સાવ નાનું હોય ત્યારે તો તેને હઠીલું કહી ચલાવી લેવામાં આવે પણ જેમ જેમ મોટું થતું જાય તેમ તેમ તેને પોતે પોતાની ઈચ્છાઓને દાબતાંય શીખવું તો પડે ને !


ધવલ શાહ (લોડાયા)
॥ શ્રી ॥
Tours Travels
પાર્શ્વ ટુર્સ એન્ડ ટ્રાવેલ્સ

આપનું કચ્છ પ્રવાસ આનંદ દાયક બનાવો
આપની જરૂરીયાત ને ધ્યાનમાં લઇ એ.સી. તથા નોન એ.સી. ઇન્ડીકા, ટવેરા, ઇનોવા, મારૂતી રીટ્ઝ તથા ગ્રુપ માટે નાની-મોટી બસ મળશે.
આપની રેલ્વે રીઝર્વેશન, બસ રીઝર્વેશન તથા ડોમેસ્ટીક અને ઇન્ટરનેશનલ એર બુકીંગ ઉપલબ્દ છે. અને ભારતભરમાં હોટલ બુકીંગ તથા ટુર આયોજન કરી આપવામાં આવશે.
SRC Comm. Plot No. 73-74, Ward 6-B, Nr. Dubai Textile Nagar, Next to Nakoda Nagar, Adipur - Kachchh - 370 205.
Tel. : +91 - 2836 - 257747 Cell : +91 - 98251 51999 E-mail : jaindhaval52@yahoo.co.in

''એક માબાપ તરીકે પણ આપણે બાળકને નાનપણથી જ પરિવર્તન સ્વીકારવાની તાલીમ તો અપવી જ પડશે. કારણ કે પરિવર્તન વિના ક્યારેય પ્રગતિ થઈ શકે નહીં. બાળક જન્મે ત્યારે ફક્ત તેની મા જ તેના જીવનમાં કેન્દ્રસ્થાને હોય, મોટું થતું જાય તેમ તેમ તેના જીવનમાં બીજાં બધાં પાત્રો પ્રવેશતાં થાય. તેનું સામાજિક વર્તુળ મોટું થતું જાય, તમે જ્યારે શાળા બદલી જ છે તો એ સામાજિક વર્તુળની સીમા વધે એ તો એના જ હિતમાં છે. તમે એ સમજી નથી શકતા, સ્વીકારી નથી શકતા એ જાણી મને આશ્ચર્ય થાય છે. બાળકને વધુ પડતું રક્ષણ આપી એને પાંગળું બનાવવાનું હોય કે સૌ સાથે હળીમળીને પ્રગતિ સાધી શકે તેવું નીડર બનાવવાનું હોય ? અરે ! એક ભાઈબંધથી છૂટો પડશે તો બીજા દસ સારા ભાઈબંધ બનાવવાની તેનામાં હિંમત આવશે, આવડત કેળવાશે. પરિવર્તનથી તો માણસની હંમેશાં પ્રગતિ જ થાય છે.''

''માણસે જીવનમાં અનેક સમસ્યાઓનો સામનો કરતાં શીખવું જ પડશે. સુખી માણસનું પહેરણ ક્યાંય મળે છે ખરું ! સમસ્યાઓ સામે ઝઝૂમતા શીખીએ એનું જ નામ જિંદગી. પ્રશ્ન સમસ્યાઓ આવે એનો નથી, એની સામે ઝઝૂમતાં શીખવાનો છે. નાનપણથી જ એવી કેળવણી આપવી જોઈએ કે તેને કોઈ પણ પરિસ્થિતિમાં સાનુકૂળ થઈ જતાં આવડે. વિષય પરિસ્થિતિમાં ધીરજપૂર્વક રસ્તો કાઢતાં આવડે એ જ હકારાત્મક અભિગમ Positve attitude, જીવનમાં સફળ થવા માટે બહુ અગત્યનું લક્ષણ છે. સમસ્યામાંથી જ જીવનમાં સાચો માર્ગ મળે છે. વિષમ પરિસ્થિતિમાંથી માર્ગ કાઢતાં આપણે એને શીખવવાનું છે. એને બદલે તમે એને આમ વર્ગ બદલાવવાનું દબાણ મારી ઉપર લાવીને એને પાંગળો શું કામ બનાવો છો? આ તો બહુ મામૂલી પ્રશ્ન છે. હજી તો એ જેમ મોટો થતો જશે તેમ તેને ઘણી વિષય પરિસ્થિતિનો સામનો કરવાનો જ આવશે. તમે તે માટે તેને તૈયાર નહીં કરો ? જીવનમાં ના સાંભળવાનુંય તેને શીખવવું તો પડશે ને ! બધું જ ધારીએ એ ઓછું જ કરી શકાય ! બાળકના ઘડતરનું આ એક અગત્યનું અંગ છે. મા-બાપની મમતા જ ક્યારેક ખુદ પોતાનાં સંતાનના વિકાસમાં જ અવરોધ બનીની ઊભી રહી જાય છે, તે કેમ ચાલે !! (સંકલિત)


**વગર દવાએ સરળ ઉપચારથી રજવાડીઠાઠથી જીવવાની કળા**

હાર્ટના બ્લોકજેસ ઓછા કરવા • કમર અને સાઈટીકાનો દુખાવો • સ્પોંડીલાઈસીસ • ઘુંઠણનો દુઃખાવો • માઈગ્રેન • ડિપ્રેસન • વજન ઘટાડવૂ • અન્યરોગોના ઈલાજ માટેની સલાહ અને ઉપાયો કોઈપણ જાતની દવા આપ્યા વગર તેમજ આપ લો છો એ દવા બંધ કરાવ્યા વગર ફક્ત બાહરી ઉપચાર, કોઈપણ આડઅસર વગર, જોખમ વગર અને લાભકારી નીચેની અલટરનેટીવ થેરાપીને ઉપયોગ કરી • મેરીડીયન મસાજ થેરાપી એક્યુપ્રેસર થેરાપી • પાસ થેરાપી • બુંહાગ ઈન્સટુમેન્ટ બધી મેરીડયનોલોજી પર આધારિત તેમજ નેચરોપેથી થૅરાપીના નિષ્ણાત.

**આપના ઘરે આવીને તપાસીને સચોટ ઈલાજ કરવામાં આવશે**

Raajendra S. Shah (Sr. therapist) Matunga, Mumbai.
Mob.: 9820002953 •Tel.: 022-24121234


## ગુમ થયા છે



**શ્રી જ્વેરચંદ હીરજી માણેકજી મૈશેરી**
**(જખૌ-ચેકનાકા-મુલુન્ડ)**

ઉપર દર્શાવેલ ફોટોવાળા જ્ઞાતિજન **તા.૧૫-૩-૧૨**નાં સાંજના ૫ વાગે દેવદર્શન કરવા ગયા પછી ઘરે પાછા આવેલ નથી.. અમે સર્વત્ર શક્યતા મુજબ તપાસ કરી રહ્યા છીએ.. ઘરેથી માત્ર પહેરેલ કપડે ગયા છે કંઈ પણ સાથે લીધેલ નથી.. જે કોઈને કંઈ માહિતી મળે તો જણાવવા વિનંતી..
જે કોઈને પણ ઉપર દર્શાવેલ વ્યક્તિ મળે અથવા કંઈ પણ સમાચાર હોય તો નીચેના ફોન નંબર ઉપર સંદેશો આપવા સંપર્ક કરવા નમ્ર વિનંતી છે.

**સંપર્ક : પરેશ મૈશેરી-09146263330,**
**મીના મૈશેરી-09320540863,**
**વિમલાબેન મૈશેરી-9146494803,**
**જીતેશ મૈશેરી-08097535653**


## મહેંદી ક્લાસીસ

**ડોંબિવલી - મુલુંડ - ભાંડુપ**

- ☐ ટ્રેડીશનલ, અરેબીક અખાતી, રેઝ, બ્લેક, જરદોશી
- ☐ તેમજ એક્સક્લુઝીવ બ્રાઈડલ મહેંદી ડીઝાઈનર્સ
- ☐ એડવાન્સ બ્રાઇડલ મહેંદી કોર્સ
- ☐ ફુલ પ્રેક્ટીસ અને સર્ટીફીકેટ કોર્સ
- ☐ લગ્નની સીઝન માટે એક્સક્લુઝીવ બ્રાઇડલ મહેંદી ડીઝાઇનર્સ
- ☐ મહેંદી રસમ તેમજ બ્રાઇડલ મહેંદીના ઓર્ડર લેવામાં આવે છે.
- ☐ મુંબઈ તેમજ બહારગામના ઓર્ડરનું બુકીંગ ચાલુ છે.

સંપર્ક : **જસ્મીના એલ. ખોના**
(૧૫ વર્ષના અનુભવી)
(મહેંદી આર્ટીસ્ટ, બ્યુશીયન તેમજ ટ્રેઈનર)
**સંપર્ક : 9833343951 / 9323139732**

।। શ્રી શત્રુંજયમહાતીર્થાય નમઃ ।। ।। શ્રી આદિનાથાય નમઃ ।। ।। શ્રી શાન્તિનાથાય નમઃ ।।

।। શ્રી જીત-હીર-બુધ્ધિ-તિલક-શાન્તિચંન્દ્ર-કનકપ્રભ-સોમચન્દસૂરિ સદ્ગુરૂભ્યો નમઃ ।।

# શ્રી શત્રુંજય મહાતીર્થે ચાતુર્માસ
# તથા
# શ્રી ઉપધાનતપની મંગલ આરાધનાર્થે પધારવા

# ભાવભર્યુ નિમંત્રણ

**પાવન નિશ્રા**

કચ્છવાગડદેશોધ્ધારક દાદાશ્રી જીતવિજયજી મહારાજાના સમુદાયના 'સૂરિશાન્તિ' ના ચરમ પટ્ટધર આશ્રિતગણહિતચિંતક

પ.પૂ.આ.ભ. શ્રીમદ્ વિજય જિનચન્દ્રસૂરીશ્વરજી મહારાજ,

સમતાનિધિ પ.પૂ.આ.ભ. શ્રીમદ વિજય સંયમરત્નસૂરીશ્વરજી મહારાજા, શિષ્યરત્ન

આધ્યત્મિકદેનાદાતા પ.પૂ.આ.ભ. શ્રીમદ વિજય યોગતિલકસૂરીશ્વરજી મહારાજા

## પૂજ્યશ્રી અને આરાધકનો ચાતુર્માસ પ્રવેશ

વિ. સં. ૨૦૬૮, અષાઢ સુદ ૧૦, શુક્રવાર તા. ૨૯/૬/૨૦૧૨

**પર્યુષણા પ્રારંભ : પ્ર. ભાદ્રપદ વદ ૧૧ બુધવાર તા. ૧૨/૯/૨૦૧૨**
**સંવત્સરી મહાપર્વ : દ્વિ. ભાદ્રપદ સુદ ૪ બુધવાર તા. ૧૯/૯/૨૦૧૨**

## ઉપધાનતપ

**પ્રથમ પ્રવેશ**
વિ. સં. ૨૦૬૮ આસો સુદ ૧૦,
બુધવાર, તા. ૨૪/૧૦/૨૦૧૨

**દ્વિતીય પ્રવેશ**
વિ. સં. ૨૦૬૮ આસો સુદ ૧૨,
શુક્રવાર, તા. ૨૬/૧૦/૨૦૧૨

## માળારોપણ

વિ. સં. ૨૦૬૯ કારતક વદ ૧૪
બુધવાર, તા. ૧૨/૧૨/૨૦૧૨

**શુભ સ્થળ :** નંદપ્રભા-મહારાષ્ટ્રભુવન ધર્મશાળા આદિ ૯ ધર્મશળાઓ, તળેટી રોડ, પાલીતાણા

**પ્રાણપ્રિય સાધર્મિકબંધુ શ્રી,**

આજે અમ અંતરમાં અપાર આનંદ ઉછળી રહ્યો છે, કારણ કે શ્રી શત્રુંજય જેવા ચૌદ રાજલોકમાં અનન્ય મહાતીર્થની ગોદમાં, સૂરિભગવંતો અને વિશાળ શ્રમણ- શ્રમણીવૃંદની પાવનછાયામાં ચાતુર્માસિક અને શ્રી પંચમંગલ મહા શ્રુતસ્કંધાહિ ઉપધાન તપની આરાધના કરવવામાં તથા સહાયક બનવાનો અવસર આવી ગયો છે.

આપણા પરમ સૌભાગ્યે આ વખતે ચારને બદલે પાંચ મહિના સુધી આપણને ગુરૂભગવંતોનું સાિનધ્ય અને આધ્યાત્મિકદેનાદાતા સૂરિભગવંતની હૃદયવેધક વણીનો લાભ પ્રાપ્ત થશે.

આપને ભાવપૂર્વક એકજ વિનંતિ કરીએ છીએ કે આપ સપરિવાર આ પ્રસંગે પધારો. આપણે સૌ સાથે મળીને આરાધનાના એવા રંગે રંગાઇ જઇએ કે આરાધનાની ટોચ સભા સંયમધર્મનો માર્ગ આપણા માટે સુલભ બની જાય.

**-: ભાવના પત્ર મેળવવાના અને પરત કરવાનો સ્થળ :-**

૨૦, કાપડિયા ચેમ્બર્સ, ૫૧, દેવજી રતનશી માર્ગ, મસ્જિદ બંદર (પૂર્વ), મુંબઇ - ૪૦૦ ૦૦૯.

**ભાવના પત્ર પરત કરવાની અંતિમ તારીખ : ૧૫/૪/૨૦૧૨**

**આયોજક : માતૃશ્રી તારાબાઇ માણેકજી કેશવજી મોતા પરિવાર**
**હ. નિશાબેન હિતેશભાઇ મોતા, કચ્છ (રાપરગઢવાળી)**

# ચાતુર્માસ આરાધકે મોકલવા યોગ્ય માહિતી

ક્રમાંક :

ફોટો

નામ : ..........................................................................

સરનામુ :..........................................................................

..........................................................................

..........................................................................

મૂળવતન :.................................... ઉમર : .................

ફોન : (ઘર) .................. ઓફિસ ................... મોબાઇલ : ..............................

આ પૂર્વે સિદ્ધગિરિમાં ચાતુર્માસ કરેલ છે ? હા ☐ ના ☐

કેટલા ચાતુર્માસ કરેલ છે ? .......................................

ધાર્મિક અભ્યાસ કેટલો કર્યો છે ? ..........................................................................

પુરૂષો અને બહેનોની વ્યવસ્થા જુદી કરવાની છે તે લક્ષ્યમાં રાખશો.

કઇ ધાર્મિક પ્રવૃત્તિમાં તમને વધારે રસ છે ? ................................................

જિનમંદિર ☐ ગુરૂવૈયાવચ્ચ ☐ પ્રભાવના ☐ સામૈયું, વરઘોડો ☐

આંગી ☐ ચિકિત્સા ☐ મહોત્સવ ☐

## -: ભાવના પત્ર પરત કરવાનો સ્થળ :-

**૨૦, કાપડિયા ચેમ્બર્સ, ૫૧, દેવજી રતનશી માર્ગ,**
**મસ્જિદ બંદર (પૂર્વ), મુંબઇ - ૪૦૦ ૦૦૯.**

**ભાવના પત્ર પરત કરવાની અંતિમ તારીખ : ૧૫/૪/૨૦૧૨**

**આયોજક : માતૃશ્રી તારાબાઇ માણેકજી કેશવજી મોતા પરિવાર**
**હ. નિશાબેન હિતેશભાઇ મોતા, કચ્છ (રાપરગઢવાળી)**

# ઉપધાનતપના આરાધકે મોકલવા યોગ્ય માહિતી

ક્રમાંક :

ફોટો

નામ : ..........................................................................

સરનામુ :......................................................................

.......................................................................................

.......................................................................................

મૂળવતન :........................................ ઉમર : ..................

ફોન : (ઘર) .................. ઓફિસ ................... મોબાઇલ : ..............................

માળ (પ્રથમ ઉપધાન) ☐ પાંત્રીસુ ☐ અટ્ઠાવીસું ☐ અઢારીયું ☐

**જેમાં પ્રવેશ કરવો હોય તેમાં ✓ નિશાની કરવી.**

**આટલું ધ્યાનામાં લેશોજી.**

✓ અમો પાલીતાણા ખાતે ઉપધાન માટે પધારનાર પુણ્યત્માઓની યથાશક્તિ ભક્તિ કરવાનો ભાવ ધરાવીએ છીએ. આપશ્રી જો ઉપધાનમાં પધારવાની ભાવના ધરાવતા હો તો આ 'ભાવના પત્ર' દ્વારા જેઠ પૂર્ણિમા તા. ૪/૬/૨૦૧૨ સુધીમાં જાણ કરવા નમ્ર વિનંતિ છે.

✓ અમારૂ વિનંતિપત્ર મળે ત્યારબાદ આપ પાલીતાણા ઉપધાન માટે પધારશોજી. વિનંતિપત્ર આપને અષાઢ પૂર્ણિમા તા. ૩/૭/૨૦૧૨ સુધીમાં મળી જશે. 'આપ પધારો ત્યારે 'વિનંતિપત્ર' સાથે લઇ આવવું.

## -: ભાવના પત્ર પરત કરવાનો સ્થળ :-

**૨૦, કાપડિયા ચેમ્બર્સ, ૫૧, દેવજી રતનશી માર્ગ,**
**મસ્જિદ બંદર (પૂર્વ), મુંબઇ - ૪૦૦ ૦૦૯.**

**ભાવના પત્ર પરત કરવાની અંતિમ તારીખ : ૪/૬/૨૦૧૨**

**આયોજક : માતૃશ્રી તારાબાઇ માણેકજી કેશવજી મોતા પરિવાર**
**હ. નિશાબેન હિતેશભાઇ મોતા, કચ્છ (રાપરગઢવાળી)**

*With Best Compliments From :*

JASH
Mercantile LLP

101, Manratna Business Park,
1st Floor, Junction of Derasar Lane,
Tilak Road, Ghatkopar (East),
Mumbai - 400 077.

E-mail : info@jashmercantile.com
website : www.jashmercantile.com

મુલુંડનું એકમાત્ર ★ ★ ★ ★ ★ સર્વિસ આપતું એન્ટરટેનમેન્ટ ગ્રુપ

વિSAMO GROUP PARIWAR - MULUND

# વિસામો ગ્રુપ પરિવાર–મુલુંડ

## વિસામો ગ્રુપના સભ્યો માટે

# 1 DAY PICNIC

## ટીકુજી-ની-વાડી

## રવીવાર તા. ૨૨-૪-૨૦૧૨

પિકનીકમાં સામેલ છે.....

એમ્યુઝમેન્ટ પાર્ક

વૉટર પાર્ક

બ્રેકફાસ્ટ

લંચ

ટી

ડીનર




અમોને સાથ અને સહયોગ આપનારા દિગ્ગજ સ્પોન્સરો

PRATAP™ Excellency A-AHAR-KA-ANAND™

DESIGNERS & PRINTERS Compositors

tmt holydays LANDMARK FOR PACKAGE TOUR

insurancekhoj.com™ the ultimate stop for insurance™

ARIHANT Cars

| | | |
|---|---|---|
| લહેરચંદ દામજી મૈશેરી (L.D.) | દિપક હિરાચંદ મોમાયા | લીતીન મણીલાલ મોમાયા |
| 98 92 45 03 58 | 93 23 64 83 98 | 98 69 20 61 08 |
| રાજેશ ડુંગરશી હેફા | મહેશ હંસરાજ દંડ | શરદ સોમચંદ લોડાયા |
| 98 92 46 45 55 | 93 23 90 07 39 | 98 21 31 46 51 |

LDMaster ▪ C/o. Shop No. 3, Om Sainath Surendra Niwas,
▪ R. H. B. Road, Mulund (West) • **Tel. : 3292 4082**

Compositors - 9821441890

પ્રકાશ સમીક્ષા **સમાચાર** સંકલન
સંસ્થા સમાચાર | જ્ઞાતિ સમાચાર | વતન સમાચાર

**જ્ઞાતિને સ્પર્શતા સમાચારો ટૂંકમાં પાનાની એક બાજુએ સારા અક્ષરે કાર્યક્રમ પૂર્ણ થાય કે તરત લખી મોકલવા વિનંતી.**

## જામનગર-અમદાવાદમાં સમસ્ત મહાજનની બેઠક

સમસ્ત મહાજનના ઉપક્રમે જ્ઞાતિ જનજાગરણ અભિયાન હેઠળ જનસંપર્કનાં ચોથા ચરણમાં તા.૨૪-૩-૧૨ના જામનગર મહાજનનાં સહયોગે જામનગરમાં બેઠક યોજાઈ. સ્થાનિક મહાજન દ્વારા આવકાર, કન્યા છાત્રાલયની દિકરીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ, જ્ઞાતિ ગૌરવરૂપ પ્રતિભાઓનું બહુમાન યોજાયેલ.

સેક્રેટરી જનરલ શ્રી ચીમન મોતાએ સમસ્ત મહાજન વિષે પ્રાથમિક સમજ આપી જ્ઞાતિજનોને જ્ઞાતિવિકાસ અને જાગૃતિઅર્થે વિવિધ પાસાઓમાં આપણી ફરજ વિષે સરળ માર્ગદર્શન કરેલ.

સમસ્ત મહાજનની જ્ઞાતિ પ્રશ્નોમાં ભૂમિકા સમજાવી, જ્ઞાતિપ્રશ્નોના ઉકેલ વિષે બન્ને પક્ષે સહકારની અપીલ કરી. જ્ઞાતિ સંસ્થાઓની કાર્યવાહીનું સંકલન-સમન્વય જરૂરી બન્યું છે તે વાત પર ભાર મુકાયો. જ્ઞાતિ પ્રશ્નો માટે જ્ઞાતિસ્તરે ઉકેલ લાવવા સમસ્ત મહાજન બધા મહાજનો વચ્ચે સંકલનની ભુમિકા ભજવી જ્ઞાતિમાં એકસૂત્રતા રચવા નેતૃત્વ લે એવું ચર્ચા વિચારણામાં સુર જણાયું. જ્ઞાતિજનો ને યુવા-મહિલા પાંખે સમસ્ત મહાજનને પૂર્ણ સાથ સહકાર આપવા ખાત્રી આપેલ.

હાલમાં સમસ્ત મહાજન દ્વારા તા. ૨૪-૩-૧૨ના જામનગરમાં અને તા.૨૫-૩-૧૨નાં અમદાવાદમાં જનજાગરણ બેઠકો યોજાઈ જે સ્થાનિક મહાજનોનાં સથવારે બહોળી હાજરીમાં સફળ રહી. કાર્યક્રમોમાં સંસ્થાવતી સર્વશ્રી ચીમનભાઈ મોતા, લક્ષ્મીચંદભાઈ પોલડીયા, મહેન્દ્રભાઈ મોમાયા, નિશીથ દંડ પ્રવીણભાઈ લોડાયા, હર્ષદભાઈ, તિલકચંદ લોડાયા વગેરે સહભાગી થયા હતા.

મહાજન પ્રમુખ શ્રી તિલકભાઈ, વિજય વોરા, વિમલ દંડ, અંકિતા ખોના, પુષ્પાબેન વોરા, ગુલાબભાઈ નાગડા, હેમંતીબેન લોડાયા, શામજીભાઈ, હર્ષદભાઈ, કલ્પનાબેન લોડાયા, મહેન્દ્ર મોમાયા વગેરે ચર્ચામાં ભાગ લીધેલ.

અમદાવાદમાં તા.૨૫-૩-૧૨નાં સાંજે બેઠક યોજાઈ હતી. સારી સંખ્યામાં જ્ઞાતિજનો સહભાગી થયા. સલોની લાલકાએ સૂત્ર સંચાલન કરેલ. પ્રારંભે સમસ્ત મહાજનનાં પ્રતિનિધિઓનું બહુમાન કરાયેલ. કાર્યક્રમમાં શ્રી કીર્તિભાઈ સુરેશ સોની (સુથરી-અમદાવાદ)નું સોલિસિટર જનરલ થવા બદલ અને કુ. પન્નાબેન મોમાયાનું પોલીસદળમાં DCP પદે નિયુક્તિ બદલ બહુમાન કરવામાં આવેલ. યુવા મંચના પ્રમુખ રાજેશભાઈએ યુવાઓ માટે ઉચ્ચ શિક્ષણ સહાય અને માર્ગદર્શન અંગે માહિતી આપેલ.

શ્રી ચીમનભાઈ મોતાએ સમસ્ત મહાજન વિષે જ્ઞાતિજનોને સમજ આપેલ અને તેનું મહત્વ સમજાવેલ.

મહાજન પ્રમુખ શ્રી વીરેન્દ્રભાઈ લોડાયાએ આવકાર આપી સમસ્ત મહાજનના માધ્યમે જ્ઞાતિમાં સહયોગ-સહકાર વધે તેવી ભાવના વ્યક્ત કરી. જ્ઞાતિ સંસ્થાઓની ડીરેક્ટરી કાઢવા અનુરોધ કરેલ. શૈક્ષણિક સહાયતાનાં સાધનો જણાવવા વિનંતી કરી. નવીનભાઈએ આજની પેઢીમાં સુસંસ્કાર સિંચનને સમયાનુસાર સમજ વાલીઓમાં પણ આપવાની જરૂરત છે.

જ્ઞાતિમાં શિક્ષણ-મેડીકલ-વેપાર ઉદ્યોગ-આવાસ અને સાધર્મિક સહાય માટે એકસૂત્રીય યોજના ઘડવાનાં સમસ્ત મહાજનનાં પ્રયાસને જ્ઞાતિના બધા મહાજનોએ વધાવીને સમસ્ત મહાજનને પોતાની વિગતો વખતોવખત પુરી પાડી જ્ઞાતિકાર્યમાં સહયોગ આપવું જોઈએ એવું સુચન થયું. જો બધી જ્ઞાતિ સંસ્થાઓ સંપ સહકારથી કાર્યકરશે તો ઘણું સરળ અને ઝડપી પરીણામ મળી શકશે. જ્ઞાતિ સંસ્થાઓનાં સંકલનની જરૂર છે જે સમસ્ત મહાજન સારી રીતે કરી શકે. સમસ્ત મહાજનને બન્ને કાર્યક્રમમાં સ્થાનિક મહાજનોનો આભાર માની જાગૃતિ લાવવા અને સહયોગ આપવા અપીલ કરેલ.


યાત્રા પ્રવાસ ક્ષેત્રે આધુનિક પ્રણાલીકાઓના પ્રણેતા...
TAN MAN® TOURS & TRAVELS
દાદર
મુલુંડ
પાર્લા
9323360708 • 25903514-5-6
24160708 • 32960708 • 65005758
tanmantravels@yahoo.co.in

|| શ્રી ભોમિયાદાદાય નમઃ ||
TAN MAN 25th 1985 2010 SILVER JUBILEE YEAR
તીર્થ યાત્રાઓ અને પર્યટન ક્ષેત્રે ૨૫ વર્ષથી તમારી સાથે...
હોટલ-વાહન-વિમાન ટીકીટોની બુકીંગ અને
ગ્રુપમાં ટેઈલરમેડ ટુરો માટે... તન-મન ટુર્સ

SHIKHARJI'S FIRST & ONLY HOTEL WITH FACILITY LIKE ★★★
SHIKHARJI Continental™
MADHUBAN - JHARKHAND
શીખરજીની સર્વ પ્રથમ અને
એકમાત્ર આપણી પોતાની
★★★જેવી સુવિધાયુક્ત AC હોટલ

## સમસ્ત મહાજન દ્વારા દક્ષિણમાં જનજાગરણ

જ્ઞાતિ મહાજનોની શિરમોર સંસ્થા શ્રી સમસ્ત મહાજન દ્વારા જ્ઞાતિજનો સાથે સીધા સંપર્કમાં આવી સમસ્ત મહાજનની પ્રસ્તાવના-ઉદ્દેશ્યો-જરૂરીયાત સમજાવવાના જનજાગરણ અભિયાન હેઠળ ચોથા ચરણમાં દક્ષિણ ભારતમાં આવેલા જ્ઞાતિવસતીના ગામો કોચીન, કોઈમ્બતુર, ચેન્નઈ, બેંગલોર, હૈદરાબાદ અને હુબલીમાં ત્યાં સ્થાનિક મહાજનનાં ઉપક્રમે મેળાવા યોજી જ્ઞાતિ પ્રશ્નો અને વિકાસ અંગેની પ્રારંભિક ચર્ચા વિચારણા કરાશે. આ જનસંપર્ક કાર્યક્રમ તા.૫-૬ના કોચીનથી શરૂ થશે તા.૧૦-૬-૧૨નાં હુબલીથી પુર્ણાહુતિ થશે. તા.૫-૬ના કોચીન, ૬-૬ કોઈમ્બતુર, ૭-૬ ચેન્નઈ, ૮-૬ હૈદરાબાદ, ૯-૬ બેંગલોર અને ૧૦-૬ હુબલીમાં સભાઓ રહેશે.

આ પછી પાંચમાં ચરણમાં મહારાષ્ટ્ર એકમનાં બાકી રહેતા વિસ્તારમાં કાર્યક્રમ રહેશે. શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-મુંબઈ

મુંબઈ મહાજનની વ્ય. સમિતિની બેઠક બુધ. તા.૨૮-૩-૧૨નાં સાંજે મહાજનશ્રીનાં કાર્યાલયે મળેલ. સારી સંખ્યામાં વ્ય. સમિતિનાં સભ્યો ઉપસ્થિત રહ્યા.

શેઠ નરશી નાથા મેડીકલ ટ્રસ્ટ અને માતુશ્રી કુંવરબાઈ નરશી નાથા મહિલા ગૃહઉદ્યોગ ટ્રસ્ટમાં ત્રણ-ત્રણ ટ્રસ્ટીપદની અવધિ પુરી થઈ હોઈ ખાલી થયેલ જગ્યાઓ પર મેડીકલ ટ્રસ્ટમાં શ્રી મુલચંદ કેશવજી મોતા અને હરીશ સાયલા તથા ગૃહઉદ્યોગમાં શ્રી દિનેશ લાલજી લોડાયા, દિમીબેન ઘરમશી અને જયેશ મોમાયા આગામી ત્રણ વર્ષ માટે નીમાયા. મેડીકલ ટ્રસ્ટમાં ટ્રસ્ટીપદની એક બેઠક હવે ભરાશે. મહાજનશ્રીની વ્ય. સમિતિમાં શ્રીમતિ ટીના પુરવ ઘરમશી (મંજલ)ની નિમણુંક કરાઈ.

સાંજે જાહેર જ્ઞાતિ કાર્યક્રમોમાં ફરજીયાતપણે ચોવિહાર પાલન કરતાં અડચણ આવતી હોઈ મહાજનશ્રીના હવેથી માત્ર ધાર્મિક કાર્યક્રમોમાં સાંજે ચોવિહાર વ્યવસ્થા અનિવાર્ય રહેશે. જ્યારે અન્ય જાહેર કાર્યક્રમોમાં સાંજે "ચોવિહારની વ્યવસ્થા તૈયાર છે" એમ જાહેર કરાશે. એટલે જ્ઞાતિજનો લાભ લઈ શકે.

મહાજનશ્રીની સાધર્મિક સહાય સમિતિમાં કન્વીનર શ્રી વિરેન્દ્ર ભવાનજી લોડાયા, રાજેશ રાયચંદ છેડા, કિરીટ ઉમરશી છેડા, દિપ્તીબેન ઘરમશી અને કવિતાબેન ઘરમશીની નિમણુંક થઈ.

જ્ઞાતિના સમુહલગ્નોમાં આંતરજ્ઞાતિય સગપણ કરેલ યુવકોને પણ ભાગ લેવા છુટ અપાશે તેમ નક્કી થયું.

જ્ઞાતિની બહેનો આંતરજ્ઞાતિય સગપણ-લગ્ન કરે તેની પણ હાજનશ્રીમાં માત્ર નોંધ રાખવાનું નક્કી થયું.

## ખંડવામાં આરાધના

પૂ.સા.શ્રી જયદર્શિતાશ્રીજી મ.સા. અને હિમાંશુશ્રીજી મ.સા. તા.૧૭-૩નાં બુરહાનપુર તરફ વિહાર કરેલ. ખંડવામાં પૂજ્યશ્રીના નિયમિત વ્યાખ્યાન હતા. "પાપ કા વિસર્જન અને પુણ્ય કા અર્જન" અનુષ્ઠાન સુંદર રીતે કરાવેલ. શ્રી જગવલ્લભ પાર્શ્વનાથ જિનાલયનો જીર્ણોધ્ધાર એમની પ્રેરણા અને માર્ગદર્શને પ્રગતિમાં છે.

## ક.દ.ઓ. મહિલામંચ ખામગામ/શેગામ

મંચની સભા તા.૨૫-૩-૧૨ના મંગલ લકાર્યાલયમાં શ્રીમતી ગીતીકા વિકમશીની અધ્યક્ષાતામાં મળેલ.

સૌ. સોનલબેન મૈશેરીની વર્ષીતપ આરાધના નિમિત્તે સાંજીનો કાર્યક્રમ રાખવામાં આવેલ.

ક.દ.ઓ. મહિલા મંચ તથા શાંતિનાથ મહિલા મંડળે સાંજીના ગીતો ગાયેલ. સૌ. સોનલબેનનું બહુમાન કરીને અનુમોદના કરેલ.

સૌ. સોનલબેન તરફથી ઘરદીઠ પ્રભાવના કરવામાં આવેલ. આગામી ત્રણ વર્ષ માટે નવી કારોબારીની વિચારણા થઈ.

આ ત્રણ વર્ષમાં બધાના સહકાર અને પ્રોત્સાહનની યાદગીરી માટે મંચ તરફથી નાની ભેટ અપાયેલ. ક.દ.ઓ. મહિલામંચ તથા શાંતિનાથ મહિલા મંચની બહેનો માટે હોટેલમાં જમણ રાખવામાં આવેલ. ચોવિહાર કરી બહેનોએ રાજીખુશી વિદાય લીધેલ.

તા.૩૧-૩-૧૨ના શાંતિનાથ મહિલા મંડળને મહાકાલીમાતાજીની ભાવના ભણાવવા મંચ તરફથી આમંત્રીત કરાયેલ.



**ABDASA (KACHCHH) GAUSHALA TRUST**


**Trust Regn. No. E–2071 – Kachchh • P. A. No. AABTA 7039 A**

C/o. Vipul Shivji Damaji, Village Rapar Gadhwali, Taluka Abdasa (Nalia),
Dist. Kachchh (Bhuj), Gujarat State, Pin Code - 370 645 • Tel. : (02831) (952831) 273256

**Mumbai Office :** 602-B, Prem Nagar No. 6, M.C.F. Udyan Marg, Borivali (W), Mumbai - 400 092.
Tel. : 2893 6173 / 2890 4500




**પાસ થયા અભિનંદન**

કુ. માનસી ચંદ્રકાંત ઘરમશી-વડોદરા B.Com. 64%

દેરાસરમાં શાંતિનાથ મહિલા મંડળની બહેનોએ સરસ રીતે ભાવના ભણાવેલ. બહેનોની સારી હાજરી થઈ.

તા.૧૨-૨-૧૨માં મંચ તરફથી વિશ્વ જાગૃતી અર્થે છોકરીઓ તથા મહિલાઓ માટે એક સરસ પ્રોજેક્ટ લીધેલ.

સચિવ સૌ. તૃપ્તી લોડાયાના સહકાર્યથી મુંબઈથી શ્રી આશીષ માલાની તથા સૌ. વર્ષા પાટીલને આમંત્રીત કરવામાં આવેલ. આ બન્ને નિશુલ્ક સમાજસેવા આપે છે. આ પ્રોજેક્ટનાં માધ્યમથી સરળ પદ્ધતીએ કચરા, પ્લાસ્ટીક, સેનેટરી નેપકીન આદિ નકામી વસ્તુઓ ફેંકવાથી થતાં પ્રદુષણને કેવી રીતે રોક લગાવી શકીએ એની જાગૃતી લાવવાની સમજ અપાયેલ.

વિદેશમાં તથા મેટ્રો સીટીમાં પ્રચલીત અને સ્વીકૃતી મેળવનાર આ જાગૃતીને ખામગામમાં લાવવાનું કામ મહિલા મંચે કરેલ. જેનું ગૌરવ બધાએ કરેલ. સ્કુલો, કોલેજો અને વિવિધ સંસ્થાઓની મહિલાઓએ સારી સંખ્યામાં ઉપસ્થીત રહીને પ્રતિસાદ આપેલ.

### શ્રી ક.દ.ઓ. જૈન એકતા મહિલા મંડળ-ગાંધીધામ

મંડળ દ્વારા "વુમન્સ ડે" ની ઉજવણી નિમિતે તા.૮-૩-૧૨ના "સાડી સાજ શણગાર"ની સ્પર્ધા યોજાયેલ. જેમાં ગાંધીધામનાં બ્યુટીશયન રશ્મિબા જાડેજા નિર્ણાયક તરીકે આવેલા. નવકારપઠન કરી મીનાબેન લાલકાએ સૌને આવકાર્યા. દિપ્તીબેન ધરમશીએ કાર્યક્રમ સંચાલન કરેલ. ભાવિની દંડે રશ્મિબાનો પરિચય આપેલ. રશ્મિબાએ સ્કીન, વાળ અને મેક-અપ વિશે જાણકારી આપી. તેમજ તેના વિશેના પ્રશ્નોનો જવાબ આપ્યા.

સ્પર્ધામાં ૫૦ વર્ષથી નીચેમાં ભાવના લોડાયા, ભવતીબેન દંડ, જશ્મા મોમાયા અને ૪૦ વર્ષથી ઉપરનાં ગૃપમાં હર્ષાબેન ચુરલા, પૂર્ણિમાંબેન નાગડા વિજેતા થયા. સભ્યો હોળી રમ્યા અને ત્યારબાદ અલ્પાહાર લઈને છૂટા પડ્યા.

આભારવિધિ કલ્પનાબહેન મોતાએ કરેલ. આગામી પ્રવૃતિ મસાલાનું વિતરણ અને નોટબુકનું વિતરણ રહેશે.

### શ્રી જખૌ પાંજરાપોળ ટ્રસ્ટ

જખૌ પાંજરાપોળ દ્વારા વર્ષ ૨૦૧૦-૧૧ના અન્વેષિત હિસાબો અને અહેવાલ બહાર પાડવામાં આવેલ. આ વર્ષે ૧૬૮ ઢોરની માવજત ચાલુ છે. સંસ્થાને સ્વ. શ્રી નવીનભાઈ મુરજી સોની અને સ્વ. શ્રી હીરાચંદ ભવાનજી મોમાયાએ પુનર્જીવીત કરેલ અને ખુબ પ્રગતિએ પહોંચાડેલ. આજે સંસ્થા પોતાના પગભર છે અને જીવદયા પ્રેમીઓના ઉદાર સહયોગે આગળ વધી રહી છે. સર્વ સમાજના કાર્યકરો સંસ્થા માટે યોગદાન આપી રહ્યા છે. શ્રી રાજેશ ચીમનલાલ જીવાણી હાલ મહેનત કરી વ્યવસ્થા સંભાળી રહ્યા છે. મે. ખીમજી કુંવરજી એન્ડ કાં સંસ્થાના હિસાબોનું અન્વેષણ કરે છે. સંસ્થાને મળતા દાન આવકવેરા ધારા ૮૦જી હેઠળ કરમુક્ત છે. સંસ્થાએ જહેમત લઈ સરકાર દ્વારા મળતા લાભો/યોજનાઓ પ્રાપ્ત કર્યા છે. સંસ્થા માટે મુંબઈમાં પણ યોગદાન જખૌ મહાજનના કાર્યાલયે સ્વીકારાય છે.

### શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-જખૌ

મહાજનશ્રી દ્વારા વર્ષ ૨૦૧૨-૧૭ના કાર્યકાળ માટે મહાજનની વ્ય. સમિતિ અને રત્નટુંક દેરાસરજી ટ્રસ્ટની નવી કારોબારી રવિ. તા.૨૫-૩-૧૨ના બપોરે ૩ વાગે મુલુન્ડમાં શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલમાં મળેલ વાર્ષિક સામાન્ય સભામાં ચુંટણીમાં બીનહરીફ રીતે ચુંટાયેલ. સ્થાનિકે જખૌમાં પણ ટ્રસ્ટ અને મહાજનનાં પ્રતિનિધિઓ બીનહરીફ ચુંટાયેલ. મહાજનની નવી વ્ય. સમિતિના પ્રમુખ સર્વ. શ્રી ભરત વેરશી જીવાણી, પ્રથમ ઉપપ્રમુખ-વિજય મેઘજી મૈશેરી-બેલારી, દ્વિતીય ઉપપ્રમુખ-રાજેશ ચીમનલાલ જીવાણી-જખૌ, માનદ કોષાધ્યક્ષ-અશ્વીન ધનજી મૈશેરી-ભાંડુપ, માનદમંત્રી-હરીશ ખેતશી શિયાડ (ડોંબિવલી), સહમાનદ મંત્રી : કેશરસીંહ આણંદજી ખોના-ડોંબિવલી, કારોબારી સભ્યો-હીરાચંદ ખેતશી શીયાડ-મુલુંડ, હીરાચંદ વેલજી કાયાણી-ડોંબિવલી, નવીન વિશનજી મૈશેરી-ડોંબિવલી, શ્રીમતી ચેતના અભય ધરમશી-કાંજુરમાર્ગ, પરેશ ગોવિંદજી મૈશેરી-જખૌ, જતીન રમેશ લાલકા-જખૌ, ભુપેન્દ્ર ઉમરશી શીયાડ-ધમતરી, દીપેશ ઝવેરચંદ શીયાડ-ગાંધીધામ, કો.ઓપ્ટ સભ્ય-ચંપક રાયચંદ જીવાણી-ડોંબિવલી સ્થાનિકે ચુંટણી પ્રક્રિયા શ્રી તિલક હેમરાજ શિયાડે સંભાળી હતી. ટ્રસ્ટબોર્ડમાં ટ્રસ્ટીઓ સર્વશ્રી રાજેશ કાંતિલાલ ખોના-


**ફળાદેશ-પ્રશ્નકુંડલી-જોડામેળ, ગૃહશાંતિ**
**સચોટ માર્ગદર્શન માટે સંપર્ક સાધો.**
**જ્યોતિષાચાર્ય-શ્રીમતી કમલ સંપટ**
**મો. 093230 20137**


**હાર્દિક અનુમોદન**
**માતુશ્રી તારાબાઈ માણેકજી મોતા પરિવારે**
શત્રુંજય તીર્થે શ્રી અજિત-શાંતિ પુનઃપ્રતિષ્ઠા મહોત્સવ ઐતિહાસિક રીતે ઉજવી જ્ઞાતિગૌરવને વધુ અજવાળ્યું છે. હાર્દિક અભિનંદન.
શુભેચ્છા:**શ્રી લક્ષ્મીચંદ લાલજી પોલડીયા પરિવાર (લલાપો)**

ઘાટકોપર, કુલીન લાલજી મૈશેરી-મુલુંડ, શ્રીમતી કલ્પનાબેન રમણકાંત લોડાયા-જામનગર, સરોજ લાલજી મુનવર-ઘાટકોપર, અશોક ગોવિંદજી મૈશેરી-જખૌ અને રમેશ ટોકરશી લાલકા-જખૌ ચુંટાયા છે.

### ગોરખડીમાં ધ્વજારોહણ

ગોરખડીમાં અજીતનાથ દેરાસરે તા.૯-૩-૧૨ના સવારે શુભમુહુર્તે ધ્વજા ચડાવવામાં આવેલ આ અવસરે સર્વે ગામવાસીઓ પધારેલ. ધ્વજા ચઢાવવાનો લાભ મહેન્દ્રકુમાર હીરજી લોડાયા પરિવારે લીધેલ. મુંબઈથી જયંતિલાલ વીરજી પટેલ આવેલ. ધ્વજા બાદ સાકરની પ્રભાવના કરવામાં આવેલ.

### વડાલામાં ગુરૂ ભગવંતોની પધરામણી

પૂ.સા. વિપુલગુણાશ્રીજી, પૂ.સા. હીઁકારગુણાશ્રીજી તથા પૂ.સા. જિનાગામગુણાશ્રીજી મ.સા.આ.ઠા. તા.૧૩-૩-૧૨ના સવારે પધારેલ. સવારના પૂ. વિપુલગુણાશ્રીજી મ.સા.એ વ્યાખ્યાન ફરમાવેલ. વ્યાખ્યાનબાદ રૂા.૪૦/-નું સંઘપુજન થયેલ. સકળ સંઘ સાથે પૂ. ગુરૂભગવંતો વાજતે ગાજતે શ્રી મુલચંદ છેડાનાં નિવાસસ્થાને પધારેલ. પૂ.આ. જિનાગમગુણાશ્રીજી મ.સા.ના ૩૦ આયંબીલની આરાધનાના પારણાં થયા. શ્રી સકળ સંઘે કેસર દૂધનાં લાભ લીધેલ. ભાતા રૂપે સેવબુંદીની પ્રભાવના થયેલ. તેમજ રૂા.૧૦નું સંઘપૂજન થયેલ. બીજે દિવસે પૂ.સા.વિપુલગુણાશ્રીજી મ.સા.એ પોતાની સુંદર શૈલીમાં વ્યાખ્યાન ફરમાવેલ. તેમજ ૧૦ કલાકે શિવરી તરફ પ્રયાણ કરેલ.

### શ્રી ક.દ.ઓ. જૈન સમાજ-વડોદરા

સમાજની કારોબારીમાં સર્વશ્રી ઠાકરશી પદમશી પનપારીયા (પ્રમુખ), શ્રી હીરેન્દ્ર કાંતિલાલ મોતા (ઉપપ્રમુખ), શ્રી રતીલાલ કાનજી ધુલ્લા (માનદમંત્રી), શ્રી કેતન ભારમલ લોડાયા (સહમંત્રી), શ્રી ભરત ચત્રભોજ લોડાયા (ખજાનચી) શ્રી લીલમ કુંવરજી લોડાયા સભ્ય, શ્રી તરૂણ રાઘવજી નાગડા સભ્ય, કો.ઓ. સભ્ય શ્રી પદમશી લધાભાઈ મોમાયા નીમાયા છે.

### પાલારા જેલમાં નવકાર જાપ અને કોમ્પ્યુટર સેટ અર્પણ

પૂ.આ.ભ.શ્રી ગુણસાગરસૂરીશ્વરજી મ.સા.નાં જન્મ શતાબ્દિ મહોત્સવ પ્રસંગે અચલગચ્છાધિપતિ પૂ.આ.ભ.શ્રી ગુણોદયસાગરસૂરીશ્વરજી મ.સા.ની પ્રેરણાથી પાલારા જેલ મધ્યે નિર્મલ એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ-ર્વમાનનગરનાં સહયોગ તથા નિર્મલ મહિલા મંડળ-વર્ધમાનનગરનાં સહકારથી નવકાર મંત્ર જાપ કાર્યક્રમ યોજાયો હતો. જેલનાં કેદીઓની ઉપસ્થિતિમાં મંડળની બહેનોએ નવકાર મંત્ર જાપ, ધૂન સાથે તથા ઉવસગહરં સંગીત સાથે રજુ કર્યું હતું. જેલનાં કેદી ભાઈ-બહેનોએ નવકાર મંત્ર શ્રવણ કર્યું હતું.

પ્રારંભે જેલર શ્રી એમ.એન. જાડેજાએ સ્વાગત કરેલ. પાલારા જેલનાં અધિક્ષક શ્રી એસ.આઈ. વોરા માનવજ્યોતના શ્રી સુરેશભાઈ માહેશ્વરીએ પ્રાસંગીત ઉદ્‌બોધન કરેલ.

કાર્યક્રમના આયોજક શ્રી પ્રબોધ મુનવરે પ્રાસંગિક ઉદ્‌બોધન કરતાં જણાવ્યું હતું કે, જૈન ધર્મમાં ક્ષમાનું મહત્વ છે. નવકાર મંત્ર જાપ ધ્વારા કેદીઓને જીવનમાં શાંતિ પ્રાપ્ત થાય, ૪૨૫ કેદીઓને જેલમાં કોમ્પ્યુટર શિક્ષણનું જ્ઞાન મળે તે માટે નિર્મલ એજ્યુ. ચેરીટેબલ ટ્રસ્ટ-વર્ધમાનનગર ધ્વારા કોમ્પ્યુટર સેટ અર્પણ કરાયું હતું. કાર્યક્રમનું સંચાલન જેલર શ્રી એમ. એન. જાડેજાએ કર્યું હતું. વ્યવસ્થામાં જયા મુનવર, જ્યોતિ વિકમશી, દમયંતિ મોતા, લીલાવંતી છેડા, નીરૂ લોડાયા, અમિતા જૈન તથા મંડળનાં સભ્યોએ સહકાર આપેલ.

### હુબલીમાં પૂ. દેવરત્નસાગરજી આ.ઠા.નો ભવ્ય પ્રવેશ

બાગલકોટમાં ૫૦ અને ગદગમાં ૨૫ વરસીતપ પ્રેરણા કરી. “જીવનસંધ્યા” ગદગમાં ધર્મનાથ જિનાલય નિર્માણનું આયોજન, દક્ષિણમાં ધર્મજાગૃતિ પ્રેરતા વિહારયાત્રામાં પૂ. મુનિ દેવરત્નસાગરજી આ.ઠા.-૬ હુબલી પધારતાં સંઘ દ્વારા શાનદાર સામૈયું થયું. કર્ણાટકના ૭ સંઘો પધાર્યા. અજિત-શાંતિ જિનાલયે ઓળી આરાધના છે. ૩૫૦ આરાધકો જોડાયા છે. ગદગ-હુબલી વચ્ચે ગિરે દેરાસરનાં જિર્ણોધ્ધાર માટે પ્રેરણાં આપતાં હુબલી સંઘે જય બોલાવી છે.


જ્ઞાતિના સર્વાંગીણ વિકાસ માટે સમર્પિત

**શ્રી નરશી જેઠાભાઈ દંડ પરિવાર**

(વરાડીયા-મલકાપુર)

**M/s. VIRCHAND NARSHI COTTON PVT. LTD.**

**Asia's First ISO 9001:2000 Certified Gin Press**

ગુણસાગરસૂરિ જન્મ શતાબ્દિ નિમિતે વરસીતપ ક્રિયાવિધિ-દેવવંદન ક્રિયાની પુસ્તિકા પ્રકાશિત થઈ. સાધુ-સાધ્વીજી અભિગ્રહ અર્પણ બુક તૈયાર કરાઈ.

## રાયપુરમાં ભક્તી પાઠ અને સમુહ પહેડી

શ્રી ભલારાદાદા અને શ્રી ધણીબાવા ની સામુહિક પહેડીનું આયોજન તા.૨૫-૩-૧૨ના શ્રી કુંથુનાથ હૉલમાં થયેલ.

સવારના ૯ વાગે દાદાની છબીની સ્થાપના અને સંગીતપાર્ટી દ્વારા સુંદર સ્તવન ભક્તિ થઈ.

શ્રી દાદાની પહેડીનો ચઢાવો લાભ રૂા.૧૨,૫૦૧/- અને આરતીનો લાભ રૂ.૩૧૦૦/- માં માતુશ્રી રતનબેન રાયશી મોતા હસ્તે મા.. ગુણવંતીબેન ખીમજી મૈશેરી પરિવાર-રાયપુર દ્વારા લેવામાં આવેલ.

સમુહપહેડીનો લાભ એક સદગૃહસ્થ પરિવારે લીધેલ. કાર્યક્રમમાં ભલારાદાદા અને ધણીબાવાના ભાવિક પરિવારો હાજર હતા.. પહેડી-પ્રસાદી (જમણવાર)નો લાભ લઈ સૌ છૂટા પડ્યા.. કાર્યક્રમનું સંચાલન શ્રી ચંદ્રેશ વીરચંદ છેડાએ કરેલ..

રાયપુર (છતીસગઢ)માં સકલ જૈન સંઘ દ્વારા દર વર્ષે ઉજવાતી મહાવીર જયંતી ઉત્સવ સમિતિમાં વિભિન્ન સમિતિઓમાં નીચે મુજબ જ્ઞાતિજનોને સામેલ કરાયેલ છે. આ ઉત્સવ ૧૫ દિવસ ઉજવાશે.. સંરક્ષક-શ્રી તરૂણ શિવજી લોડાયા, ઉપપ્રમુખ-શ્રી ચંદ્રેશ વીરચંદ છેડા, સહસચિવ-શ્રી ભાવિક શશીકાંત નાગડા, સલાહકાર-શ્રી ઉત્તમચંદ ખીમજી મૈશેરી, વિશેષ આમંત્રિત-શ્રી રતિલાલ કેશવજી શાહ અને શ્રી હરીશ જે શાહ, વિત્ત સમિતિ-શ્રી હિતેશ શરદ મોમાયા, પ્રચાર પ્રસાર-શ્રી મનહર ચત્રભુજ શાહ, ભોજન વ્યવસ્થા-શ્રી વિજય શીવજી લોડાયા, સાંસ્કૃતિક સમિતિ (મહિલા)-શ્રીમતી ગીતા હરીશ લોડાયા અને શ્રીમતિ હેમલ મનીષ લોડાયા, કારોબારી-શ્રી નયન સતીશ છેડા, પ્રશાસનિક વ્યવસ્થા-શ્રી મનિષ ઉત્તમચંદ લોડાયા, મંચ વ્યવસ્થા-શ્રી અમિત હિરાચંદ મૈશેરી.

## શ્રી કોઠારા મહિલા મંડળ

મંડળ દ્વારા ૧૬-૪-૧૨નાં બપોરે ૨.૩૦ કલાકે શ્રી વીરજી જીવરાજ મેપાણી હોલ, દેવપુંજ, વાલજી લધાભાઈ ક્રોસ રોડ, મુલુન્ડ (વે)માં સબ વે સેન્ડવીચ, ગ્રીલ સેન્ડવીચ અને ચટણીઓનો ડેમો શ્રીમતિ હંસા કારીયા દર્શાવશે. સભ્યો માટે પ્રવેશ ફી રૂા.૨૦ અને અન્ય માટે રૂા.૫૦ છે. સંપર્ક : દીનાબેન અજાણી-૯૭૫૭૦૯૩૨૯૦, કલ્પનાબેન ધરમશી-૯૮૬૯૧૨૧૬૦૧, અનિતા ધરમશી-૯૮૨૦૭૬૬૨૮૩

## બેંગલોરમાં ભલારાદાદાની પહેડી

અત્રે તા.૨૩-૩-૧૧ના સવારે ૧૧ વાગે એકમના કચ્છી ભવનમાં ભલારાદાદાની પહેડી યોજાઈ. સારી સંખ્યામાં ભાવિકો પધાર્યા.. નવકારમંત્ર પઠન કરી દાદાની જ્યોત પ્રગટાવાઈ. દાદાની સ્તવનભક્તિ કરી આરતી ઉતારાયેલ.. દાદાના પ્રસાદમાં શીરો અને નાળીયેર આપવામાં આવેલ.. ભોજન લઈ સૌ છુટા પડ્યા..

## ગદગમાં પૂ. દેવરત્નસાગરજી આ.ઠા.ની પધરામણી

બાગલકોટથી વિહાર કરી તા.૧૧-૩-૧૨ના સવારે પ્રવચન પ્રભાવક પૂ.મુની શ્રી દેવરત્નસાગરજી મ.સા.આ.ઠા.. નો ગદગનગરે દબદબાપૂર્વક પ્રવેશ થયો.. હતીકાળ કુટથી શ્રી ચિંતામણી પાર્શ્વનાથ જિનાલય સુધી વાજતે ગાજતે સામૈયુ કરવામાં આવ્યું.. આ પ્રસંગે હુબલીથી ૭૦ જણાં તથા બાગલકોટ, કોપલ, સાંગલી, સોલાપુરથી બહોળી સંખ્યામાં શ્રાવક-શ્રાવીકાઓ પધારેલ.. પૂ.મુની સાથે સમુહ ચૈત્યવંદન, દેવદર્શન કરી માંગલીક સાંભળેલ.. સકળ સંઘ અને બહારગામથી પધારનાર સર્વે માટે નવકારશીની વ્યવસ્થા કરવામાં આવેલ.. જેનો લાભ માતુશ્રી ઝવેરબેન વીરજી ગાલા પરિવારે લીધેલ.. સવારનાં ૯.૩૦ થી ૧૧ દરમ્યાન વ્યાખ્યાનમાં રાજસ્થાન સમાજ સહીત બહોળી સંખ્યામાં હાજરી હતી.. મહાજનશ્રી તરફથી પ્રભાવના કરવામાં આવેલ..

હુબલી સંઘના શ્રી પ્રજેશ વિરચંદ નાગડા, બાગલકોટ સંઘનો શ્રી પદમશી ધરમશી, કોપલ સંઘનાં શ્રી રમેશ જયચંદ નાગડા અને વસંતભાઈનું શાલ ઓઢાડી શ્રીફળ અર્પણ કરી સન્માન કરવાંમાં આવેલ.. ત્યારબાદ નવકારશીનાં લાભાર્થી શ્રીમતી ભાવનાબેન તથા શ્રી પંકજભાઈનું સન્માન કરવામાં આવેલ.. મહાજન પ્રમુખ-શ્રી સતીશ પ્રવિણચંદ લુઠીયાએ સૌને આવકારેલ, ઉપપ્રમુખ ડૉ. શ્રી પ્રદીપ સોમચંદ ખોના., સહમાનદમંત્રી વિપીન રતીલાલ મોતાએ સન્માન કરવામાં સાથ આપેલ તથા સેક્રેટરી શ્રી ભુપેન્દ્ર સોમચંદ ખોનાએ કાર્યક્રમનું સંચાલન કરેલ.. રસોડાની જવાબદારી સંભાળવા બદલ શ્રીમતી વિમલાબેન અને શ્રી સંજય ઠાકરશી મોતા અને અન્ય સહયોગીઓ સહ સર્વેનો આભાર માનેલ.. મહાજનશ્રી વતી સંઘપૂજન થયેલ..

બપોરનાં બહારગામથી પધારેલ સર્વે આમંત્રીતો માટે સંઘ તરફથી ભોજનની વ્યવસ્થા કરવામાં આવેલ અને રોજ ૯.૩૦ વાગે વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવેલ.. પૂજ્યશ્રીએ બાલસંસ્કરણ શિબિરનો લાભ આપેલ.. પૂજ્યશ્રીની સ્થિરતા દરમ્યાન અહીંવસતા સર્વે જૈન-જૈનેતરોમાં ધર્મરૂચિસહ જાગૃતિ આવી..

## જોગેશ્વરીમાં સુરિગુણ જન્મશતાબ્દિ દ્વારા આયંબીલ

જોગેશ્વરી અચલગચ્છ જૈન સંઘમાં પૂ.આ.ભ.શ્રી કલાપ્રભસાગરસુરીજી આ.ઠા.ની નિશ્રામાં પૂ.આ.ગુણસાગરસુરીજીની જન્મ શતાબ્દિ નિમિત્તે ચૈત્રી ઓળીની આરાધના કરાશે. તા.૨૯-૩ થી ૬-૪-૧૨ દરમ્યાન સમિતિના ઉપક્રમે આયંબીલ ઓળીમાં બન્ને સમય પ્રતિક્રમણ, ચૈત્યવંદન, સિધ્ધચક્ર સ્લાઈડ શૉ, નવપદ પ્રવચન, સ્નાત્ર મહોત્સવ, જાપ, સમુહ સામાયિક, મહાઆરતી વગેરે શ્રી નરેન્દ્રભાઈ નંદુના સથવારે કરાશે. મુંબઈભરમાંથી આરાધકો અહીં નવ દિવસ તપઆરાધના કરશે.

## અનોખી દાનપેટી યોજના

શ્રી ક.વિ.ઓ. જૈન મહાજન દ્વારા તેમના સમાજનાં સર્વાંગીણ વિકાસ અને શિક્ષણ, આરોગ્ય, આવાસ, વેપારઉદ્યોગ, આર્થિક સહાય, કલા સાહિત્ય, સ્ત્રી ઉત્કર્ષ, મેડીક્લેમ આદિ ક્ષેત્રે જરૂરતમંદોને સહાયભુત થવા બહુજન હિતાય અનોખી દાનપેટી સંચય યોજના આકારવામાં આવી છે. જેનું ઉદ્‌ઘાટન મુંબઈના મેયર શ્રી સુનિલ પ્રભુ દ્વારા માટુંગામાં ૨૯-૩-૧૨નાં કરાયું.

આ યોજનામાં દરેક પરિવાર રોજનાં રૂા.૪૦ પેટીમાં નાખશે તો મહિને રૂા.૫૦ લાખ જેવી રકમ સંચિત થશે જે માનવતાનાં કાર્યોમાં વપરાશે. આ યોજના નામ, કિર્તી કે યશ અપેક્ષા વિના અપાયેલ મોટા દાન કરતાં આ દરેક પરિવારનાં ટીપે ટીપે યોગદાન સંચયથી વધારે મોટું પરિણામકારક કાર્ય થઈ શકે છે તેનો દાખલો બેસાડશે. આ પ્રકારે ૫૦૦૦ પેટીઓ મુકવાની યોજના છે.

## સખી વૃંદ–પુના

વૃંદ દ્વારા તા.૭-૧-૧૨નાં મધુરીબેન લોડાયાએ ગ્રીન ચાની વિવિધ જાતો રજુ કરેલ ગ્રીન ટી વિષે સંપુર્ણ માહિતી આપી તેના ઉપયોગ પ્રત્યક્ષ દર્શાવેલ.

ખુબ અભ્યાસપુર્વક નવા પ્રકારે ચાના વિવિધ સ્વાદ રજુ કરેલ. તેમણે ગ્રીન ટીના સેમ્પલ દરેકને ભેટ આપ્યા. આ પછી બ્યુટી વિષે આદર્શ વજન બાબત સમજ અપાઈ જેમાં વય, ઉંચાઈ, વજન વગેરે બાબત સંતુલન જાળવવા માહિતી અપાઈ. શારીરિક સમપ્રમાણતા જાળવવા આદર્શ કોષ્ટક જણાવાયેલ. આ મુજબ શ્રેષ્ઠ જાળવણી માટે કાંતાબેન માણેકજી ધરમશી વિજેતા રહ્યા. મોટી ઉંમરે પણ પોતાને સારી રીતે જાળવેલ છે તેની નોંધ લેવાઈ.

તા.૧૪-૧-૧૨ના પુનાની નજીક સખી વૃંદની બહેનો આનંદા રિસોર્ટમાં પ્રવાસે ગયેલ. પુનાની નજીક ૧૫૦ એકર જમીન હરીતક્રાંતિથી વિકસાવાઈ છે. પૂ.આ. ચંદનાશ્રીજીના સંસારી ભાઈ રામલાલજી કટારિયાએ આ પ્રકલ્પ તૈયાર કરેલ છે.

આખાયે વેરાન વિસ્તારને લીલીછમ હરિયાલીમાં અનેક વૃક્ષો વાવીને ખેતીલાયક તેમજ ઔષધીયુક્ત વનસ્પતીનું આરોપણ કરેલ. જે નિહાળવામાં મજા પડેલ.

મહાવીરસ્વામીના અનેકાંતવાદનો મુદ્દો લઈને સારી જીવનશૈલી કેમ જીવવી એના ઉપર દરેકે પોતાના મંતવ્યો રાખેલ. ત્યાં શ્રી રામલાલજીભાઈએ સંપુર્ણ દિવસની સાધર્મિક ભક્તિ, પ્રકૃતિ બાગ નિહાળવા અને રમતો માણવા તક આપેલ. ત્યાં બધાને મનગમતી કલમો ભેટ અપાયેલ. તેમનો નિસર્ગપ્રેમ સૌને પ્રેરક છે અને પ્રદુષણમુક્ત પ્રાકૃતિક જીવનશૈલી માટે ઉદાહરણરૂપ છે.

## ગદગમાં પાર્શ્વનાથ ગુણસંસ્કાર બાલ શિબિર

મલકાપુર ચાતુર્માસ બાદ ૮૫૦ કિ.મી.નો વિહાર કરી ગચ્છગૌરવ પ્રવચનપ્રભાવક પૂ. મુનિશ્રી દેવરત્નસાગરજી મ.સા.આ.ઠા.૬ ગદગ તીર્થે પધાર્યા. ૧૦ દિવસ સ્થિરતા રહી. ૨૫/૨૫ વરસીતપના મંડાણ રચાયા. પૂજ્યશ્રીના પ્રવચનોથી ઘરઘરમાં ધર્મજાગૃતિ આવી. અચલગચ્છ સ્થાપનાને નવમ શતાબ્દિ વર્ષ (૯૦૦ વર્ષ) અને આ. ગુણસાગરસૂરિ મ.સા.ની જન્મ શતાબ્દિની ઉજવણીએ, પૂજ્યશ્રીની નિશ્રામાં ૮ દિવસ બાળકોની શિબિર થઈ. દરરોજ દોઢ કલાક સમ્યક જ્ઞાન સાથે સુસંસ્કારોના બીજ રોપાયા. બાળકોમાં પરિવર્તન થયું. ઘરઘરમાં માતાપિતાને પગે લાગતા થઈ ગયા. ટુથપેસ્ટનો ત્યાગ, દંતમંજન પાવડરનો ઉપયોગ શરૂ થયો. કંદમૂળ ત્યાગમાં મનને મજબૂત કર્યા. ૮ કર્મ, નરક, પંચે ઇન્દ્રિયો, સવાર-સાંજની પ્રાર્થના-ભોજનની વિધિ કોરી રોટલી પ્રથમ અને પ્રભુની ઉપકાર વિશેની સમજ અપાઈ. રવિવારે સવારે ૩ કલાકે પ્રભુભક્તિ. અષ્ટપ્રકારી પૂજાના રહસ્યની સમજ અને બપોરે ૩ કલાકની શિબિર રહી. બાળકોના હાથે સુકૃત રચાયું ગાયને ગોળ, કબૂતરને ચણથી ભક્તિ થઈ. જ્ઞાન સાથે ગમ્મત અને જાદુ વગેરે તથા દરરોજ પ્રભાવનાથી સહુ બાળકો આકર્ષાયા અને ગુરૂ ભક્તિ થઈ. એમના સંસ્કાર સિંચન સ્મરણીય રહ્યા.

રવિવારે અષ્ટપ્રકારી પૂજામાં રૂપિયામાં ચડાવા ન બોલતાં નવકાર, ખમાસમણાં, જાપ, ગુરૂવંદન, પ્રદક્ષિણા જેવી આરાધના કરવાની ભાવનાનાં વચનથી સવાયા લાભ લેવાયા.

## શ્રી ક.દ.ઓ. જૈન જ્ઞાતિ મહાજન-ગાંધીધામ

મહાજનશ્રીની સામાન્ય સભા તા.૫-૨-૧૨નાં મહાજનવાડીમાં શ્રી પદમશી લખમશી લાલકાનાં અધ્યક્ષસ્થાને મળી હતી. જેમાં તેમની અવસ્થા અને નાદુરસ્ત તબીયતના કારણે સ્વૈચ્છિક નિવૃતિ લઈ અને યુવાઓને આગળ આવવા માટે અપીલ કરેલ, જેમાં મહાજનના પ્રમુખ તરીકે શ્રી મિતેશભાઈ મધુકાંત ધરમશીની તથા કારોબારી સમિતિની સર્વાનુમતે વરણી કરવામાં આવેલ.. તેમની નિસ્વાર્થપણે અવિરત સેવા બદલ વિશેષ નોંધ લઈ બિરદાવેલ.. શ્વેતાંબર મૂર્તિપુજક જૈન સંઘના ઉપપ્રમુખ અને મહાજનશ્રીના કારોબારી સભ્ય શ્રી ધનપતિભાઈ ભદ્રચંદ નાગડાના દુ:ખદ અવસાન બદલ શોકઠરાવ પસાર કરવામાં આવેલ.. આ સભામાં શ્રી સોમચંદભાઈ નાગડા, પ્રવિણભાઈ દંડ, મિતેશભાઈ ધરમશી, અરવિંદભાઈ લોડાયા, મધુકાન્તભાઈ લોડાયા, હરીશભાઈ ચુરલા, જવેરચંદભાઈ ખોનાએ ચર્ચામાં ભાગ લીધેલ..

મહાજનશ્રીના નવા પ્રમુખશ્રી મિતેશભાઈ મધુકાન્ત ધરમશીની અધ્યક્ષામાં તા.૦૮-૦૨-૧૨ના મળેલ કારોબારી સમિતિની મિટિંગમાં નવા પદાધિકારીઓની સર્વાનુમતે વરણી કરવામાં આવી હતી.. જેમાં ઉપપ્રમુખ શ્રી લહેરચંદ આણંદજી ખોના, મંત્રી શ્રી મહેશ ખીમજી લાલકા, સહમંત્રી શ્રી નિરંજન નરશી લોડાયા, ખજાનચી શ્રી અનીલ સોમચંદ નાગડા, તેમજ કારોબારી સભ્યો સર્વશ્રી અરવિંદ લાલજી લોડાયા, મધુકાન્ત જવેરચંદ લોડાયા, હરીશ ડુંગરશી ચુરલા, હિરાચંદ નરશી દંડ, રાજેશ મુલજી મૈશેરી, ઉદય જવેરચંદ મુનવર અને કોપ્ટ સભ્ય શ્રી ગીરીશ ઠાકરશી લોડાયાની વરણી કરવામાં આવી હતી..

## પાલીતાણામાં જ્ઞાતિકન્યા શિબિર

પાલીતાણાં તીર્થે પૂ.સા.શ્રી મહોદયશ્રીજી મ.સા.આ.ઠા.ની નિશ્રામાં શ્રી રાયચંદભાઈ હંસરાજ ધરમશી ચે.ટ્રસ્ટના સહયોગથી ૧૦ થી ૩૦ વર્ષ સુધીની જ્ઞાતિની દિકરીઓ-બહેનો માટે ધર્મ, સમાજ અને સંસ્કૃતિ શોભિત સમ્યક રત્નત્રયી શિબિર યોજાયેલ છે. આ નિશુલ્ક શિબિરમાં જ્ઞાન-ગમ્મતથી ધર્મ સંસ્કરણ અને અવનવી જ્ઞાનવર્ધક રમતો દ્વારા સંસ્કાર કેળવણી અપાશે. વધુ સંખ્યામાં દીકરીઓ-બહેનોને લાભ લેવા વિનંતિ છે.

## નવા/બદલાયેલા સરનામા-ફોન નંબર (પુરું નામ અને નવું સરનામું મોકલવાની સાથે જુનું રદ કરવાનું સરનામું અવશ્ય જણાવવું)

| | |
|---|---|
| **વાલજી ખેતશી મુનવર** | H.No.389, C/o. હિતેન્દ્ર વ્યાસ, શિવાનંદનગર, સેક્ટર ૩, શ્રીનગર, ખમતરાઈ, રાયપુર ૪૯૨૦૦૮ |
| **દીપક લખમશી મૈશેરી** | B-5-3, નોર્થ શીવાજી નગર, રતનશીનગર, સાંગલી-૪૧૬૪૧૬. ફોન ૦૯૪૦૩૪૧૧૮૨૧ |
| **ડો. ધારીણી અશોક નાગડા** | જયપારસ, બીજે માળે, વૃંદાવન સોસાયટી, એન. એસ. મંડીકર માર્ગ, ચુનાભટ્ટી, મુંબઈ-૪૦૦૦૨૨. |
| **નિર્મલ ચંપકલાલ લોડાયા** | એ-૭, કુંજવિહાર, વસંતવાડી, નામદેવ પથ, ડોંબિવલી (ઈ) ૪૨૧ ૨૦૧. |
| **નરેન્દ્ર જે. ધરમશી** | ભાગવતકૃપા, પ્લોટ ૨૩, મોમાઈ ધામમઠ પાછળ રાજવાડી, પાલીતાણા-૩૬૪૨૭૦. ૦૯૯૨૫૩૩૨૭૧૭ |

## જીવનચક્ર (જીવનચક્ર માટેની વિગત છપાય છે તે પદ્ધતી અનુસાર વ.પ.કુ.નં. સાથે જ મોકલવી)

### જન્મ (બાળકનું નામ નાખ્યા બાદ જન્મનોંધ મોકલો.)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૬-૨-૧૨ | જલગામ | BRLO0703 | અવધિ-રવિશ ભરત લોડાયા | બારોઈ | કન્યા |
| ૬-૩-૧૨ | ચર્ચગેટ | JKKN080803 | શ્લોક-સૌમ્ય બંકિમચંદ્ર ખોના | જખૌ | પુત્ર |
| ૨૮-૩-૧૨ | અમદાવાદ | BYPL | તેજસ-ધનરાજ વેલજી પોલડીયા | બાયઠ | પુત્ર |
| ૧૩-૩-૧૨ | ડોંબીવલી | TRSI011003 | યુગ-દિલીપ સોમચંદ સાયલા | તેરા | પુત્ર |
| ૧૮-૧-૧૨ | બેંગલોર | DALI010201 | નમન-કેતન નરેન્દ્ર લાપસીયા | દલતુંગી | પુત્ર |

### સગપણ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૩-૩-૧૨ | ડોંબિવલી | SADU020203 | યશકુમાર ટોકરશી લખમશી ધુલ્લા | સાંધાણ | ૩૧ |
| | મલાડ | KRLO210903 | ચારુલ પ્રફુલ મુરજી લોડાયા | કોઠારા | ૨૬ |
| ૨૩-૩-૧૨ | ઘાટકોપર | NLMO060203 | જનક રાજેન્દ્ર દેવશી મોમાયા | નલીયા | ૨૭ |
| | ડોંબિવલી | TRDH080203 | બીજલ દેવેન્દ્ર હીરજી ધરમશી | તેરા | ૨૫ |
| ૨૭-૩-૧૨ | ડોંબિવલી | SIMO200403 | પરાગ દેવેન્દ્ર રતીલાલ મોમાયા | સાંયરા | ૨૬ |
| | ડોંબિવલી | VRLO060104 | કુંજલ પદમશી લાલજી લોડાયા | વરાડીયા | ૨૫ |
| ૨૭-૩-૧૨ | ડોંબિવલી | JKLO120104 | આશિષ શાંતિલાલ ખીમજી લોડાયા | જખૌ | ૩૧ |
| | ડોંબિવલી | JSDH070304 | રીના ઉમરશી મેઘજી દરમશી | જશાપુર | ૨૯ |

**આંતરજ્ઞાતિય સગપણ**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૩-૩-૧૨ | અમદાવાદ | GDKR070503 | દશ્ય જીતેન્દ્ર ઉમરશી કુરવા | ગોધરા | ૨૫ |
| | પાલનપુર | A | કિંજલ ભરત રાવલ | પાલનપુર | ૨૫ |
| ૨૩-૧-૧૨ | કાંદીવલી | SILO130504 | તેજસ પ્રદિપ કુંવરજી લોડાયા | સાંયરા | ૨૫ |
| | સાંગલી | A | સોનલ સુંદરજી ખીમજી દેઢીયા | કોડાય | ૨૫ |
| ૨૩-૩-૧૨ | અંકલેશ્વર | SULO0102603 | ચીરાયુ જયંતિલાલ કાનજી લોડાયા | સુથરી | ૨૪ |
| | મુલુંડ | - | ધારા હેમલ બાલચંદ શાહ | ખંભાત | ૨૪ |
| ૨૩-૩-૧૨ | ચુનાભટ્ટી | SULO0102704 | મિલન ધનપતી કાનજી લોડાયા | સુથરી | ૨૫ |
| | મુલુંડ | A | કવિતા નરેન્દ્ર વિકરાચંદ દોશી | મોરબી | ૨૫ |
| ૨૬-૩-૧૨ | ડોમ્બીવલી | BDLO020503 | દિપેશ પારસ લહેરચંદ લોડાયા | બાંઢીયા | ૨૭ |
| | ભાંડુપ | A | સરીતા બલીરામ બાપુ રાણે | કંણકવલી | ૨૭ |

**લગ્ન**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૧-૩-૧૨ | ડોંબિવલી | KDGL010603 | ભાવિક ભુપેન્દ્ર લાલજી ગાલા | કોટડી | ૨૯ |
| | ડોંબિવલી | BHDH030203 | રચના અશોક વાડીલાલ ધરમશી | ભરૂડીયા | ૨૮ |
| ૨૫-૨-૧૨ | મુલુંડ | | જીનેન ગિરીશ લઘુભાઈ લોડાયા | સાંયરા | ૨૬ |
| | ઘાટકોપર | | જયના અનિલ પદમશી ખોના | તેરા | ૨૬ |

**આંતરજ્ઞાતિય લગ્ન**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૨-૨-૧૨ | બોરીવલી | A | નીલ ડોમિનીક ડોયલો | બોરીવલી | ૩૨ |
| | બોરીવલી | SDLO0120802 | સુષ્મા (શીતલ) કિર્તીકુમાર દામજી લોડાયા | સાંઘવ | ૩૦ |
| ૧૮-૩-૧૨ | ઘાટકોપર | JKMU00604 | નિમેશ વીરચંદ લાલજી મુનવર | જખૌ | ૪૩ |
| | કરજણ | A | ભાવિની ભરત કાંતિલાલ શાહ | રાધનપુર | ૩૭ |

**છૂટા છેડા**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૪-૨-૧૨ | ભાંડુપ | JKLO010703 | મયુર કાંતીલાલ નારાણજી લોડાયા | જખૌ | ૨૫ |
| | નવી મુંબઈ | LAMT030805 | મનાલી જયેશ (જગદીશ) રાઘવજી મોતા | લાખાણીયા | ૨૩ |

**આંતર જ્ઞાતિય લગ્ન છૂટા**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૧૦-૧-૧૨ | કાંદીવલી | TRMT030204 | રૂપેન ખુશાલ લાલજી મોતા | તેરા | ૨૯ |
| | માહીમ | A | યુતી રોહીત ચંદન | માહીમ | ૨૪ |

**મરણ**

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૦-૩-૧૨ | ઉદયપુર | BHDD042302 | રંજનબાઈ રામજી પદમશી દંડ | ભરૂડીયા | ૭૨ |
| ૨૧-૩-૧૨ | રાપર | RPNG012001 | હંસા દિલીપ દેવજી નાગડા | રાપર | ૪૯ |
| ૨૧-૩-૧૨ | વાશી | VRVK010401 | ચંપાબાઈ લક્ષ્મીચંદ ધનજી વિકમશી | વરાડીયા | ૭૪ |
| ૨૩-૩-૧૨ | માટુંગા | TRDD050401 | શાંતિલાલ ચાંપશી ધનજી દંડ | તેરા | ૭૭ |
| ૨૩-૩-૧૨ | મુન્દ્રા | BRGS021001 | જયવંતી જેઠાલાલ રૂપશી ગોસર | બારોઈ | ૭૧ |
| ૨૩-૩-૧૨ | અમેરિકા | RALO010802 | સરલા લલિત રૂપશી લોડાયા | રંગપુર | ૫૭ |
| ૩૦-૩-૧૨ | મુલુન્ડ | SMLO040502 | જયવંતી ચીમનલાલ લઘુભાઈ લોડાયા (ચક્ષુદાન) | મોટીસિંધોડી | ૬૦ |


શુભેચ્છા સહ....

**શ્રી હીરાલાલ હંસરાજ ડાઘા (માટુંગા-વરાડીયા)**

**અંબા શીપીંગ એજન્સીઝ**

૪૦૧, રાજગોર ચેમ્બર્સ, ૯૯ મસ્જીદ સાઈડીંગ રોડ, મુંબઈ-૯.

**શુભેચ્છા સહ...**

Laxmichand Dharshi

**MOTA SHIPPING AGENCY**

C.H.A.No.11-0404

# શ્રી ક.દ.ઓ. મોતા પરિવારના કુળદેવી માં અંબાઈમાની સમુહ પહેડી

**મોતા પરિવાર**ના કુળદેવી માં અંબાઈમાની સમુહ પહેડી રવિવાર **તા.૨૫-૦૩-૨૦૧૨**ના સવારના ૮.૩૦ કલાકે મુલુંડના કાલીદાસ મેરેજ હોલ ખાતે યોજવામાં આવેલ. યોગી સભાગૃહ-દાદર સમયની પ્રતિકુળતાને કારણે છેલ્લી ઘડીએ પહેડીનું સ્થળ મુલુંડ મધ્યે બદલાયું હતું.

સવારના ૮.૩૦ વાગે માતાજીનું સામૈયું, પોખણાં બાદ વિધિવત પુજાવિધિ દ્વારા ભૂદેવોએ માતાજીની સ્થાપના કરાવી હતી અને વાતાવરણમાં ચેતના જગાવી હતી.

**શ્રી ઉત્તમભાઈ છેડા**ની જૈની આર્ટસ મંડળી દ્વારા માતાજીની સંગીતમય આરાધના એવં એમના દ્વારા માતાજીની સ્તુતિના વિવિધ અર્ચનોની વિશેષતાની સમજણથી ભાવિકોને માતાજી પ્રત્યે આસ્થામય કરીને મંત્રમુગ્ધ કર્યા હતા. ક્ષેત્રપાળ દાદાના જુહાર કરીને બહેનો પધાર્યા કે લાભાર્થી પરિવારે માતાજી સમક્ષ વિવિધ પ્રસાદના થાળ સાથે સંગીતના સથવારે નાચતા-ગાતાં પધારીને માતાજીને ચરણે ધર્યા હતા. લાભાર્થી **મા. પ્રેમીલાબેન મેઘજી મોતા પરિવાર (વારાપધર-મુલુંડ)** એવં મોતા પરિવારની વહુઆરીઓ માતાજીની સમૂહ પહેડીના ભાવપુર્વક જુહાર કર્યા હતા. માતાજીના વિશાળ ફોટા સાથે ફૂલોથી શણગારેલા સ્ટેજપર ભુવા **શ્રી હીરાચંદભાઈ પટેલ** બિરાજ્યા હતા. પાંચ શણગારેલી આરતીઓથી લાભાર્થી પરિવાર. પરિવારના વડીલો એવં પરિવારના સૌ સભ્યોએ માતાજીની આરતી સંગીતના સથવારે ગાઈને કરતલ ધ્વની દ્વારા સંપન્ન કરાવી હતી.

પહેલા કુમારિકાઓએ પ્રસાદ લીધા પછી મોતા પરિવાર દ્વારા **વ્યક્તિવિશેષ સન્માન**નો કાર્યક્રમ યોજાયો હતો. ચેન્નઈથી પધારેલા **શ્રીમતી જયશ્રીબેન પ્રફુલ મોતા**ને જૈન ધર્મ, કળા અને સમાજસેવા માટે અને **કુ. સિદ્ધિ કિશોર મોતા**ને બ્યુટી સ્પર્ધામાં ચેમ્પિયનશીપ એવોર્ડ મેળવવા માટે, હૈદરાબાદનાં **શ્રી જીગનેશ નવીનચંદ્ર મોતા**એ સમાજ સેવા માટે **કુ. નેહા મહેશ મોતા (જલગામ)**ને S.S.C.માં ૯૫% એવં નેશનલ ટેલેન્ટ સર્ચમાં ઈન્સ્પાયર એવોર્ડ મેળવવા માટે, **શ્રી કલ્પેશ માણેકજી મોતા**ને સ્વર્ણિય ગુજરાત એવોર્ડ-૨૦૧૧ એવં ગીરનાર એવોર્ડ-૨૦૧૧ મેળવવા બદલ **કુ. હેના** તથા **સૌ. ઉષાબેન નીલેશ મોતા**ને નારીરત્ન એવોર્ડ-૨૦૧૧ મેળવવા બદલ વિશિષ્ટ સન્માનથી બિરદાવાયા હતા અને ગૌરવ થયેલ. સિદ્ધાચલજી તીર્થે નવટુંક મધ્યે છીપાવસહી ટુંકમાં શ્રી અજિત-શાંતિ દેવકુલીકાઓના પુનઃ પ્રતિષ્ઠા મહોત્સવે યોજાયેલ વિવિધ અનુષ્ઠાનોના ગૌરવપ્રદ આયોજન બદલ અનુમોદના સાથે વિશિષ્ટ મોમેન્ટો દ્વારા **મા. તારાબેન માણેકજી મોતા પરિવાર (રાપરગઢવારી)**ને અભિનંદન અપાયા હતા. ૧૯ યુવાઓને શિક્ષણના વિવિધક્ષેત્રે સિધ્ધીઓ મેળવવા તથા પરીક્ષાઓ પાસ કરવા બદલ મોમેન્ટો અને સર્ટીફીકેટ આપી બીરદાવાયા હતા. મુંબી મહાજનશ્રીના પ્રમુખશ્રી તથા અન્ય પદાધિકારીઓ સાથે આજની સમૂહ પહેડીના લાભાર્થી **મા. પ્રેમીલાબેન મેઘજી મોતા પરિવાર (વારાપધર-મુલુન્ડ)**ની અનુમોદના કરાઈ હતી. રાસ ગરબા એવં મટુકડી રાંધ સાથે બહેનો-યુવાઓ-ભાવિકોએ સંગીતના સથવારે આનંદ માણ્યો હતો.

ઈ.સ. ૨૦૧૫ સુધી સમૂહ પહેડીઓના લાભ માટે નામ પહેલેથી નોંધાઈ ગયા હતા. આ કાર્યક્રમમાં તે પછી નીચે પ્રમાણેની વિગત મુજબ આગામી સમૂહ પહેડી માટે ભાવિકોએ નામ નોંધાવ્યાં છે. આભાર

**ઈ.સ.૨૦૧૬-મા. રાજબાઈ પદમશી મોતા હા. ગુલાબભાઈ (કુવાપધર-હૈદરાબાદ)**

**ઈ.સ. ૨૦૧૭-શા. પદમશી લખમશી મોતા પરિવાર (વાંકુ-મજગામ)**

**ઈ.સ. ૨૦૧૮-મા. રમીલાબેન ચીમનલાલ મોતા હા. પ્રફુલભાઈ (તેરા-ડોમ્બીવલી)**

**અહેવાલ સૌજન્ય : મા. પ્રેમીલાબેન મેઘજી મોતા પરિવાર (વારાપધર-મુલુંડ)**

## જ્ઞાતિના મોતા ગોત્ર પરિવારનાં કુળદેવી અંબાઈમાની સમૂહ પહેડી અને સ્નેહમિલન, તા.૨૫-૩-૧૨ સ્થળ કાલિદાસ સંકુલ મુલુંડ
## સંપુર્ણ પહેડીના દાતા : માતુશ્રી પ્રેમીલાબેન મેઘજી મોતા પરિવાર ● કાર્યક્રમની ઝલક


માતાજીની સ્થાપના કરવા જતાં સહયોગી દાતા પરિવારના સભ્યો.


માતાજીની પુજા-અર્ચના કરતા ભાવિકો.


શ્રીમતી રાજુલબેન અને ભદ્રેશ પટેલ દ્વારા પુજા


માતાજીના મંદિરમાં ભુવા શ્રી હિરાચંદભાઈ પટેલ.


આવકાર અને ફંડનોંધણી વ્યવસ્થા સંભાળતા કાર્યકરો.


દાતા પરિવારે રૂ.૧૦નું સંઘપુજન કરી બહેનોનું ગજરાથી સ્વાગત કર્યું


ભક્તિમાં તરબોળ કરતા શ્રી ઉત્તમ છેડા અને પાર્ટી.


માતાજીને થાળ ધરાવતા મોતા પરિવારની બહેનો.


માની આરતી ઉતારતાં ભાવિકો.


માતાજીને થાળ ધરાવતા મહાનુભાવો.


આ પ્રસંગે વ્યક્તિવિશેષોનું સન્માન


શ્રી અજિત-શાંતિ પુન:પ્રતિષ્ઠાનાં લાભાર્થી
માતુશ્રી તારાબેન માણેકજી મોતા પરિવારનું અનુમોદન સન્માન.


સમૂહ પહેડીના સહયોગી દાતા પરિવારનું ગૌરવ સન્માન.


માતાજીના દર્શનાર્થે પધારેલ દાતા પરિવારનું મિત્રવર્તુળ

C. D. O. Prakash Samiksha R.N.I. No.MAHGUJ/1998/04640
Regd. No.MH/MR/East/53/2012-14
Posting : Monday / Tuesday Posted at Mumbai Patrika Channel Sorting Office, Mumbai-400 001.

શિયાળે સોરઠ ભલો, ઉનાળે ભલો ગુજરાત ! ચોમાસે વાગડ ભલો, પાંજો કચ્છડો બારે માસ !!

આપના સ્વપ્નોને રંગ આપો.

પ્લોટ માત્ર ₹ ૧૩૧૩/- પ્રતિ ચો. વાર

પ્લોટ માત્ર ₹ ૨૦૦૦/- ભરીને બુક કરાવો

દર મહિને લાખોનાં ઇનામો ની વણઝાર

દસ્તાવેજ રજીસ્ટ્રેશન ખર્ચ તદ્દન ફ્રી

હજારો રૂપિયાનું સ્પેશ્યલ ડિસ્કાઉન્ટ

Patel Developer



પટેલ ડેવલોપર્સ ના અન્ય આકર્ષણો

ફ્રન્ટ બાઉન્ડ્રી વોલ | આંતરીક સુવિકસીત રસ્તા | ચીલ્ડ્રન પ્લે ગ્રાઉન્ડ | ગાર્ડન | વૃક્ષારોપણ | પાર્ટીપ્લોટ



Helpline : +91 - 88 666 77 555

NAVKAR
respect everyone's

મિતેશ નિતિન મોતા +91 - 93 777 94 999
યોગેશ નિતિન મોતા +91 - 93 777 91 444

વહેલા તે પહેલા નાં ધોરણે બુકીંગ ચાલુ છે.

કાયદાકીય સલાહકાર
મધુકાન્ત જે. શાહ - ગાંધીધામ • કેતન એમ. લોડાયા - ગાંધીધામ

શુભેચ્છકશ્રીઓ
- મહેશ લોડાયા - ભુજ
- ઉત્તમ શાહ (લોડાયા) - માટુંગા
- રાહુલ વર્મા - દિલ્હી
- કલ્પેશ ધરમશી - ડોમ્બીવલી
- દિલીપ મુરજી લોડાયા - હાલોલ
- શાંતીલાલ લાલકા - હુબલી
- ધનજી ધરમશી - ડોમ્બીવલી
- નવિન ધોડ - ડોમ્બીવલી
- મયુર દંડ - ડોમ્બીવલી
- ચેતન ખોના - ગોરેગાંવ
- પ્રતાપ દામજી ધુલ્લા - અલ્પઇ
- ફાલ્ગુન ખોના - ભાંડુપ
- પુનશીભાઇ (હંસરાજ) ધરમશી - ભાંડુપ
- મનોજ શાહ (નાગડા) - અંકલેશ્વર
- બિપીન પોલડીયા - જાલના
- ભાવેશ નાગડા - નાંદેડ
- નિતીન ભાટ્ટે (ધરમશી) - મસુર
- કિરણ દંડ - નવી મુંબઇ
- જીગ્ના મોતા - ડોમ્બીવલી
- રમેશ લીલાધર દંડ - સોલાપુર
- જયંત ધુલ્લા - કોલકત્તા
- દિનેશ કુંવરજી મોતા - ડોમ્બીવલી

આવકની ઉત્તમ તક જે જ્ઞાતિજનને સારા પ્રોજેક્ટમાં કાર્ય કરવાની ઇચ્છા હોય તેમણે પોતાનો બાયોડેટા (સંપૂર્ણ વિગત - અભ્યાસ, અનુભવ, લેટેસ્ટ ફોટો વગેરે વગેરે) મોકલવો અથવા ફોન સંપર્ક કરવો.

કચ્છમાં જમીન લે - વેચ ને લગતાં કામકાજ માટે રૂબરૂ મળો - લખો - કોલ કરો..

To,

If undelivered, please return to :
**C.D.O. PRAKASH SAMIKSHA,** C/o. Shri. R.R. Nagda, 29/41 Tamarind Lane, Rajabahadur Compound, Near Stock Exchange Bldg., Fort, Mumbai - 400 001.
Printed & Published by **JAYANT V. CHHEDA** on behalf of **C.D.O. PRAKASH SAMIKSHA SAMITI** and Printed at SUMANGAL ARTECH, Plot No.G-8, Cross Road, 'A' M.I.D.C. Andheri (East), Mumbai - 400 093 and Published from 115, Tirupati Industrial Estate, Subhash Nagar, Village Road, Bhandup (West), Mumbai-400 078.
Editor : **Raichand R. Nagda**